સ્ત્રીઓને જે આનંદ પતિના વિશુદ્ધ પ્રેમની આશા તરીકે મળી રહે છે, તે આનંદ પ્રમુખપદની ખુરશી મળવાથી મળી શકતો નથી. અને રાષ્ટ્રની સેવા પણ તેઓ ગૃહમંદિરમાં રહેતાં જ્યાં ઉત્તમ રીતે બજાવી શકે છે એ ચોક્કસ છે કે જે પુરુષો જાહેરમાં અગ્રિમ નાગરિકો બની રાષ્ટ્રની સેવા કરવામાં છે, તેમનામાં રાષ્ટ્રભક્તિ અને ધાર્મિકતાના ઉત્તમ સંસ્કારોનું બીજારોપણ કરીને આ ગૃહલક્ષ્મીઓ જ સેવિકાઓની ગરજ સારી શકે છે.

આ ઉપરથી બુદ્ધિપૂર્વક વિચાર કરનાર સ્ત્રીઓનું રાષ્ટ્ર કેવું ગણ્યું છે અને ગૃહમંદિરમાં એવું સ્થાન રક્ષિત રહીને કોઈ ઉપયોગી છે તે સ્પષ્ટ પ્રકટ થાય છે અને ગૃહલક્ષ્મીને જે થોડાં દુઃખ ભોગવવાં હોય છે તેઓ ગંભીર ભૂલ કરે છે, તે વસ્તુ પણ વિશેષ રૂપે સમજાવવાની હવે આવશ્યકતા રહેતી નથી.

આ રીતે નારીજીવનનું સ્વાતંત્ર્ય અને સ્વાભાવિક સુખ વિકાસ અને સદાચારના વિકાસ પર આધાર રાખે છે, તેથી નારીજીવનના વિકાસ-સાધક અને તેઓને અભ્યાસના સુવિધાપૂર્ણ પ્રકારે વ્યવસ્થા કરવાની પૂર્ણ આવશ્યકતા છે. કારણ કે જો નારીજીવન સુવ્યવસ્થિત થશે તો જ આખો ગૃહસ્થાશ્રમ સુવ્યવસ્થિત બનશે.

આજ પ્રમાણે ન હોવાથી દિવસે દિવસે નિરાધાર બનેલા સ્ત્રી-જીવનને ટકાવી રાખવા માટે સરકાર કાયદાઓ તો કરે જ છે, તે આ વિષયમાં આશાજનક પગલું છે. પણ કાયદાઓને સમાજ સમજે અને અપનાવે તથા સ્ત્રીઓ પણ પોતાના અધિકારોની સુરક્ષા કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવાની જરૂર છે.

આ પ્રમાણે નારીજીવન અને ગૃહસ્થાશ્રમના આ બધી સમસ્યાઓની વિચારણા પછી ગૃહસ્થાશ્રમને આદર્શ બનાવવામાં બીજા જે જે પ્રયત્નોની આવશ્યકતા છે તેની આગળ દ્વિતીય ભાગમાં વિવેચના કરીશું.

૨

કર્તવ્યખંડ

૧

પતિપત્નીનાં કર્તવ્યો

ગૃહસ્થજીવનનો પ્રારંભ

चतुर्थमायुषो भागमुषित्वाद्यं गुरौ द्विजः ।
द्वितीयमायुषो भागं कृतदारो गृहे वसेत् ॥
मनुस्मृति ४ १

"જિંદગીના ચાર વિભાગો પૈકી પહેલો વિભાગ બ્રહ્મચર્યાશ્રમમાં ગાળી ગૃહસ્થાશ્રમ ઈચ્છતા મનુષ્યે વિવાહિત થઈને ગૃહસ્થજીવન ગાળવું જોઈએ.

આશ્રમવ્યવસ્થામાં ગૃહસ્થજીવનનું સ્થાન જેટલું મહત્ત્વનું છે તેટલું જવાબદારીવાળું પણ છે આથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એટલે એક મહાન જવાબદારીભરી સ્થિતિમાં મૂકાવું, અને તેથી જ ગૃહસ્થજીવનના સ્વીકારને પણ એક પ્રકારની દીક્ષા લેખવામાં આવે છે

બ્રહ્મચર્યાશ્રમનો કાળ જેમ પચીસ વરસનો નક્કી કરવામાં આવ્યો છે, તેમ આ આશ્રમનો કાળ પણ પચીસ વર્ષનો છે અને ત્યારબાદ વાનપ્રસ્થાશ્રમ આદિ આશ્રમોમાં તે પરિણમે છે પરંતુ આજે વાનપ્રસ્થાશ્રમની પ્રણાલિકા લુપ્ત પ્રાય થઈ ગઈ હોવાથી જીવનપર્યંત પતિ અને પત્નીને ગૃહસ્થસ્થિતિમાં જ પૂરું જીવન ગાળવાનું હોય છે.

પતિ અને પત્ની જોડે

કુટુંબ એ સમાજનું અગત્યનું અંગ છે. તો પતિપત્ની એ કુટુંબનાં આધારરૂપ છે. તેથી એ બન્ને પોતપોતાનાં કર્તવ્યો સમજીને આચરતાં થાય, તો તેમના હાથમાં કુટુંબનાં સુખ સચવાઈ રહે અને કૌટુંબિક જીવન સુખરૂપ બનતાં સમાજ પણ ઉન્નત થાય. ગૃહસ્થજીવનના આ આદર્શો સતત જળવાઈ રહે તે માટે નીચેની પ્રતિજ્ઞાઓ અને એકબીજા પ્રત્યેનાં કર્તવ્યો માટે સતત જાગૃત રહેવું જોઈએ.

ગૃહસ્થજીવનની પ્રારંભિક પ્રતિજ્ઞાઓ

૧ પતિએ પોતાની પત્ની સિવાય ઈતર સ્ત્રીઓ પ્રત્યે માતાદૃષ્ટિ રાખવી અને તે જ રીતે પત્નીએ પણ અન્ય પુરુષો પ્રત્યે ભ્રાતૃદૃષ્ટિ ધારણ કરવી.

૨ અમે બન્ને જીવનપર્યંત સહજીવન ગાળવાનાં જોડાયાં. તેથી તે સહજીવન સુરમ્ય રહે તે સારુ મનુષ્યમાત્રને સુલભ એવી સામાન્ય ભૂલોને પરસ્પર સાંખી લેવાં અમે શીખીશું.

૩ પતિ અને પત્ની એ બન્નેનાં ક્ષેત્રો ભિન્ન હોવા છતાં ગૃહસ્થાશ્રમરૂપી રથને ચાલુ રાખવામાં તે બન્ને પરસ્પરનાં ઉપયોગી ચક્રો છે જેમાં એક પણ ઓછું ઉપયોગી કે નાનું નથી. બન્ને એકબીજાનાં પૂરક છે.

૪ જેવા પ્રમાણમાં પતિ પત્નીને હિતબુદ્ધિથી કહી શકે છે, તેવા જ પ્રમાણમાં પતિની ભૂલના પ્રસંગમાં પત્ની પણ વિનીતભાવે ક્રિયાત્મક આપવાની હકદાર છે.

૫ જેમ પતિની ગમ્ય બાબતોમાં તેને સહકાર આપવો એ પત્નીનો ધર્મ છે, તે જ રીતે સ્ત્રીગમ્ય બાબતોમાં પત્નીના અભિપ્રાયને પ્રધાનતા અને ધ્યાનમાં લેવું એ પતિનો પણ અનિવાર્ય ધર્મ છે.

૬ અમારો ગૃહસ્થાશ્રમ કેવળ અમારા સ્વાર્થની પૂર્તિ સારુ નથી, પરંતુ વિશેષતઃ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ અને ઉપયોગી સેવા અર્પવા અર્થે છે. તેથી અમારું જીવન એવું ઘડવું જોઈએ કે જેથી બીજાને લોભરૂપ ન થતાં ઉપકારક થાય.

૭ અમારું પરસ્પર સંમેલન વિકાર અર્થે નથી, સ્નેહ અને સહકાર અર્થે છે—જે સહકારથી આતિથ્યસત્કારમાં, ધાર્મિક કર્મનિયમોના આચરણમાં તથા ઇતર પ્રાણીઓની સેવામાં મદદગાર થાય.

૮ "ધર્મો ચરતં ક્ષમમિતિ ।" આ સૂત્રનો અર્થ એ છે કે પતિ અને પત્ની બન્નેએ એ ધર્મ પ્રતિ પ્રત્યેક ક્ષણે લક્ષ આપવું ઘટે.

ગૃહસ્થાશ્રમનો ધર્મ એવો કઠિન છે કે ત્યાં ડાહ્યા માણસો પણ અસ્થિર થતાં ભ્રાન્તિમાં પડે છે. પાપનો પ્રસંગ પામે પણ ધર્મમાં સાવધ રહેવું, એ દંપતીનું અનિવાર્ય કર્તવ્ય છે.

આટલી બાબતો નક્કી કરી અને તેવા આચરણની યોગ્યતા પ્રાપ્ત કરી પછી જે યુવકયુવતીઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે તેઓનાં ગૃહસ્થજીવન સ્વર્ગીય થઈ બની રહે છે.

એક આવશ્યક સૂચના

દાંપત્યજીવનમાં પ્રવેશતાં ૮ ? એક વસ્તુ તરફની ઉપેક્ષા ગૃહસ્થાશ્રમની આદર્શતામાં વિરૂપ થતી જાય છે, તે પ્રસંગમાં અહીં એક આવશ્યક સૂચન કરવું યોગ્ય છે.

યુવાનીમાં પગલાં માંડતો યુવાન નવા જ પ્રકારના અનુભવો કરે છે. વીર્ય એના દેહમાં ઊભરાઈ રહ્યું હોય છે અને યોગ્ય માર્ગ અને યત્ન ન મળે તો શરીરમાં પેદા થયેલી આ અદ્ભુત શક્તિ વિકૃત માર્ગે વળી જાય છે અને ખર્ચ કરાય છે. જેમનાં મન આત્મસંયમમાં પલોટાયેલાં નથી તેઓ આનો ભોગ બને છે.

કુમારી પર પણ આ વયની પ્રથમ અસર યુવાન કરતાં વધુ પ્રમાણમાં હોય છે તે તેનાં અંગ, વાણી અને હાવભાવ પરથી પ્રતીત થાય છે.

પરંતુ સ્ત્રીજાતિને સુલભ એવાં ક્ષમા, સહિષ્ણુતા, ધૈર્ય, કોમળતા ઇત્યાદિ ગુણોને લઈને તે આત્મભાગમાં તો ક્વચિત જ હોય છે અને તે દૃષ્ટિએ તેની સ્થિતિમાં તે પુરુષ કરતાં સુખની અપેક્ષાથી સમજી ભાગવામાં વધુ હોય છે.

આવા આવેગને આધીન થયેલો જે પુરુષ નિયમિત જીવન ખોયેલો વ્યવસાયનું કુદરતના પરિણામે પોતાનો પગ ખૂંપી ગયો હોય છે, તેનું નિયમિત જીવન કેટલું કઠણ અને કેવું સૌમ્ય કર્યું હોય છે, તેનું વર્ણન અગાઉથી આવીત છે. પરંતુ જે પુરુષ સંયમ દ્વારા સ્થિર રહી શકે છે, અને એવા આશ્રમ અંતઃકરણથી આદર્શ ગૃહસ્થાશ્રમની અભિલાષા છે, તેવો પુરુષ પણ નિયમિત થયા પછી ગૃહસ્થાશ્રમના પ્રારંભમાં જ પોતાના દુઃખને નોતરવાનું પ્રમાણ કરી નાખે છે. એવો પતિપત્નીનો પરસ્પર વિશુદ્ધપ્રેમ હોય એ ગૃહસ્થજીવનના મુખ્ય ધર્મ છે. કહ્યું છે—

યથા ભર્તા ન ભાર્યાં ન પરસ્પરમનુવ્રતે ।
તથા ધર્માર્થકામાનાં ત્રયાણામપિ સંગતમ્ ॥

હિતો સિદ્ધિ ૨ઃ ૧૧

જેમ જેમ પતિ અને પત્ની પરસ્પર ઉચ્ચપ્રેમ ધરાવે છે તેમ તેમ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થોની સિદ્ધિ અને ઉન્નતિ થાય છે.

પરંતુ જે પુરુષ અને સ્ત્રી આ આવેગોને આધીન થાય છે તેનો પ્રેમ લાંબો ન રહેતાં વિષુવ થઈ વિષયવાસનાના રૂપમાં પલટાઈ જાય છે. તે બન્નેનાં અંતઃકરણમાં બીજા પ્રકારની પ્રેરણા ન આવતી હોય એવી આમ સમજે છે અને તેની શરીર અને મન પર પણ ઘણી અસર થાય છે. આગળ જતાં તે બન્ને ઓળખીને ઘણો ... તો આધાર હોય છે કે તેઓને પોતાનું સર્વોચ્ચ જ્ઞાન રહેતું નથી. આથી તીવ્ર આસક્તિને પણ તેઓ ભક્તિથી પ્રેમ માની

કે છે આવા સમયોને વશ થઈ પુરુષ સ્ત્રીની વાસના સંતોષવા ખાતર પોતાનું સત્ત્વ નિચોવવાની શરૂઆત કરી દે છે. પોતાના જીવનને વેચી મન અને વાસનાના ગુલામ બને છે તે જ રીતે સ્ત્રી પણ પુરુષના પતનનું પ્રબળ સાધન બની પોતાનું પતન નોતરે છે, તેમજ આરોગ્ય સ્વાસ્થ્ય અને સૌન્દર્ય ગુમાવે છે.

આવે વખતે તેમનાં વડીલો કે જેઓ જીવનની આવી કારમી ભૂલોમાંથી પસાર થયાં હોય છે, અથવા જેઓ આવા પ્રસંગનાં પરિણામોથી વાકેફ હોય છે તેવાં હિતૈષી મુરબ્બીઓ તે યુગલને પોતાના કર્તવ્યનું ભાન કરાવવા મથે છે પરંતુ ત્યારે તો તેઓ એમ માની બેસે છે કે આ બધાં અમારા સ્નેહમાર્ગમાં કાંટા વેરવાનું જ કામ કરે છે અને મીઠા દાંપત્યમાં વિઘ્ન રૂપે છે. આવી ભ્રમ પ્રકાર માનવાને લઈ તેમની શિખામણ સ્વીકારવાને બદલે તેઓ તેનો સામનો કરે છે અથવા નફ્ફટ પ્રકૃતિ આદરે છે.

અનિચ્છનીય પરિણામ

આમ થવાનાં બે મુખ્ય કારણ હોઈ શકે. (૧) નવા વાતાવરણમાં આવતી કન્યાને માબાપોએ તાલીમ આપી હોતી નથી. (૨) પુરુષની આસક્તિ ખાસ હોય છે કારણ કે સહશિક્ષણ પણ નવીન વિધાન એને શીખવવામાં આવતું નથી. તથા સ્ત્રીપુરુષ વચ્ચે સમાનતાની મૈત્રીની ધરીને બાહર કૃત્રિમ દીવાલ વધુ પાકી ઊભી કરી દેવામાં આવી હોય છે.

એકાંતનો લાભ લઈ હમેશાં પત્ની પોતાના પતિ પાસે પોતાના શોખ, સખ્ય નમૂના વગેરેના દેખાવનું પ્રદર્શન કરાવે છે. દિયર, જો ઘરે કુટુંબીજનો સાથે રહેવામાં મુશ્કેલીઓનું ભાન કરાવે છે અને આવી પરતંત્રતામાંથી છૂટકારાનો ક્રમ યોજવા અને સ્વતંત્ર ઘર માંડવાની તો સેવા માટે વારંવાર વિનંતી કર્યા કરે છે અથવા કોરે છે.

ગૃહસ્થ યુવાન તેનાં પરિણામોનો વિચાર કરવા બેસી શકે નથી. જો તે સમજુ હોય છે તો તો તુરત જ પોતાના સ્નેહીઓને પત્રદ્વારા કે પ્રેમને ટેકરે આવી તેમનાથી દૂર ભાગવું પસંદ કરે ને પોતાના પગ પર ઊભો રહી શકે તેમ ન હોય તો કોઈ નીતિવાન શોધી લે છે. આવી આત્મસાત્વિકતા બનેલું કાર્ય જ ગોરે આવે તે ભાવ સંસારનું નિમિત્ત બને છે તેનો અભાવ તેને પાછળ ... જ આવી શકે છે પરંતુ આ વૃત્તિ, આવા આવેગને વશ થઈ તેવા સમયે રોકી શકતો નથી. આવી રીતે આવેલા દુર્ભાગ્ય ... વાતાવરણનું કામ. આવા નબળાઈથી જ બને છે, તેમ એવું હોવા કારણને નથી.

પરંતુ જે યુવાને આત્મસંયમનું મહત્ત્વ જાણ્યું છે, જેનામાં ... વિના વસ્તુની ચોખ્ખા સંસ્કાર તથા પૂર્વના સંસ્કૃતિનો વારસો છે, જે વિકસિત થયો છે અને જેનું મન નવજવાન હોય છે તે ધીર યુવાન આવા પ્રસંગને વશ થતો નથી; બલ્કે આ પ્રસંગને પોતાના માનીને તેમજ પોતાની અંદરને દુઃખિયા આવી પડ સામ્યદૃષ્ટિથી ઊકેલે છે. કે પ્રથમ પોતાનાં માતાપિતા કે કુટુંબીજનોની પ્રકૃતિને ધીમે ધીમે સમજાવીને અનુકૂળ રહેલો હોય તો તે પણ ધીરજથી તેને નિયમની ... કરે છે અને પોતાની ... સ્વતંત્ર જીવનની મહાન ગ્રંથિનું ભાન કરાવે સ્નેહ આપી રહેલો જાય.

આ સ્થળે કહેવું જોઈએ કે જેવા બુદ્ધિમાન ગણાતા પુરુષ પણ પરણવા બેસી નિયમભેદ કરે જ ... ખરેખર આ ... માનવા છે, તે આદર્શ ગૃહસ્થાશ્રમના કલંક છે.

નિયમિતતાના વિચાર અને વિકાસની વૃદ્ધિ થાય નહીં

નિર્યું છે તેથી જ નીતિકારોએ પ્રજોત્પત્તિના હેતુપૂર્વક "ઋતુગામીત્વમિ સ્યાત્" અર્થાત્ ઋતુકાળે જ અભિગમન કરવું એ સિદ્ધાંત પર ભાર મૂક્યો છે.

આ પરથી ગૃહસ્થાશ્રમમાં પણ બ્રહ્મચર્યની મહત્તા અને ધાર્મિકતાની દૃષ્ટિએ કેટલી આવશ્યકતા અને સ્થાન છે તેનો ખ્યાલ આવી શકે છે. જે આવી રીતે પતિ અને પત્ની ઉભય બ્રહ્મચર્યમાં રહે અને તેમાં ક્વચિત્ સ્ખલના થાય તો તેને તરત સુધારી લેવાનું ધ્યાન રાખે તો ખૂબ જ લાભ થાય. આવી રીતે જેટલે અંશે ઓછી ઇચ્છામાં બ્રહ્મચર્યનું પાલન થાય તેટલે અંશે તેઓનો ગૃહસ્થાશ્રમ સફળ અને સુખી નીવડે અને તેમની પ્રજા પણ વીર્યવાન અને સશક્ત બને.

ભોગની પરિસીમા

બ્રહ્મચર્યના ખંડનથી સુખ મળે છે તેવી માન્યતા અવાસ્તવિક છે. કારણ કે જે દ્વારા તેવો ઇચ્છાથી જે સુખ ભોગવવા મળે છે તે સુખ ગુમાવે છે. વીર્યના સ્ખલન પછી શરીરમાં તેના અવતરણમાં આઘાત થાય છે. અતિવિકારના પરિણામે તે રોગિષ્ટ અને છે અને શારીરિક સંપત્તિ ગુમાવવા ઉપરાંત અતિશય માની લીધેલા વિષયજન્ય સુખનો ઉપભોગ પણ તે કરી શકતો નથી.

આવા ભોગની પરિસીમા રહેતી નથી. જેઓ બ્રહ્મચર્યનું માહાત્મ્ય સમજે છે તેવા પુરુષો પણ એકવાર પોતાનો પગ લપસ્યા પછી મનના એવા તો ગુલામ બની જાય છે કે તે વિષયના વ્યસન વિના તેનો એક પણ દિવસ પસાર થઈ શકતો નથી. આવા પુરુષો સંયમીરૂપ હોવાનો દાવો ભલે કરતા હોય, પરંતુ સ્વસ્ત્રી સાથે પણ મર્યાદિત બ્રહ્મચર્ય પાળવાનું હોય છે કારણ કે સ્ત્રી એ કંઈ વિષયવાસના સંતોષવાનું યંત્ર નથી. સ્ત્રી એ ધર્મપત્ની છે. પ્રજોત્પત્તિના શુદ્ધ હેતુ સિવાયનો સંયોગ એ વ્યભિચાર છે. તેથી જે તેવું કૃત્ય કરે છે તેની ભાવના ખરેખર વિષયાધિ કે ઘેલછામાં થાય છે.

કૃત્રિમ ફેશન

પશ્ચિમના સંસર્ગથી તેમના સારા કરતાં નિરુપયોગી વસ્તુઓનો આપણે વિશેષ પ્રમાણમાં સ્વીકાર કરવા આપણા જીવને તે આજ સુધીનો ઇતિહાસ સાક્ષી પૂરે છે તે જ રીતિને અનુસરીને ત્યાંની ફેશનેબલ રીતિનો પણ આપણને મોટો પાશ લાગેલો છે કે જેથી પુરુષો કરતાં પણ ભારતના સ્ત્રીજીવન પર ભારે ખરાબ અસર ઉપજાવી મૂકી છે

જેમ પુરુષ સ્ત્રીના સૌન્દર્યનો ઉપાસક હોય છે તેમ સ્ત્રીજાતિ પણ હોય છે ખરી. પરંતુ તે બન્ને વચ્ચે તારતમ્ય હોય છે તે જ રીતે સૌંદર્યના સંબંધમાં પણ છે. શણગાર ભાવનાની વૃત્તિ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વિશેષ હોય છે પુરુષ સૌંદર્યને ચાહે છે ખરો, પરંતુ તેની પ્રાપ્તિ માટે જેટલો મોહ સ્ત્રીઓનો હોય છે તેટલો પુરુષોનો હોતો નથી. સારાંશ કે સ્ત્રી એ સૌંદર્યની બાહ્ય ઉપાસિકા છે, અને સૌંદર્યવર્ધન સારુ તે ભારે ઉત્કંઠા ધરાવે છે

સૌંદર્ય એ શું છે?

સૌંદર્ય એ નૈસર્ગિક વસ્તુ છે તે બહારથી મેળવાતું નથી. શરીરસૌંદર્યનો પણ મોટો આધાર શારીરિક તંદુરસ્તી પર જ નિર્ભર હોય છે સ્વાસ્થ્ય ગયા પછી સૌંદર્ય ટકી શકતું જ નથી. એ નિર્વિવાદ વસ્તુ છે આમ છતાં દુર્ભાગ્યવશાત્ તે વાતને ભૂલી જઈ ઘણી યુવતીઓ શરીરનો દુરુપયોગ કરી પોતાના વાસ્તવિક સૌંદર્યને નાશ કરી બેસે જ અને પછી તે સૌંદર્યની પ્રાપ્તિ સારુ ચોરી ફેશનોનાં અવલંબન લઈ તેની પાછળ અનંત કોશિશો કર્યા કરે છે

બીજી ફેશન કેટલીક બહારની કૃત્રિમ સુંદરતા લાવે છે ખરી પરંતુ તે ક્ષણિક અને કૃત્રિમ હોય છે તેની કૃત્રિમતાથી સ્વાભાવિકતામાં બાધને લીધે ખૂબ હાનિ પહોંચે છે ફેશનથી કઈ જાતનાં નુકસાન થાય છે તેનું સંક્ષિપ્ત અવલોકન કરીએ.

ફેશનના ગેરફાયદા

પ્રથમ તો આવી સૌંદર્યસૂચક ચીજોની ખરીદીમાં સમય કેટલો યે પહેરવામાં તથા વાળ ઓળવાદિની બિનજરૂરી ટાપટીપમાં વ્યર્થ ચાલ્યો જાય છે બીજું આ ફેશનનો શોખ પૂર્ણ કરવા સારુ તેઓને એવા અનેક પદાર્થો વાપરવાની આવશ્યકતાઓ વારંવાર ઊભી થાય છે અને તે ખાતર આર્થિક નુકસાન થાય છે

આટઆટલો ભોગ આપવા છતાં પણ લાભને બદલે પ્રાય. હાનિ ભોગવાય છે, કારણ કે એ પદાર્થ સૌંદર્યવર્ધક થવાને બદલે ઊલટા સ્વાભાવિક સૌંદર્યને પણ વિકૃત બનાવી દે છે એટલે તે દૃષ્ટિએ પણ કૃત્રિમ ફેશનનો નાદ તદ્દન નિરુપયોગી છે

આ ઉપરાંત બીજું અગત્યનું નુકસાન એ છે કે ફેશન તો રોજ ને રોજ બદલાતી રહે છે પણ એની અસર મન પર પડતાં મન ચંચળ બની જાય છે

આર્થિક હાનિ બચાવી રાષ્ટ્રીય દૃષ્ટિએ તો ને સહસા ત્યાજ્ય જ છે આજે દેશ ઘણો દરિદ્ર છે તેને આવા બિનજરૂરી ખોટાં ખર્ચા પરવડી શકે તેમ નથી. આ વાત જેટલે અંશે પુરુષોએ વિચારવી જોઈએ તેટલે જ અંશે સ્ત્રીઓએ પણ વિચારવી એ તેમની ફરજ છે કારણ કે તેઓ પણ સમાજનું એક અંગ છે આથી સમાજ અને રાષ્ટ્રના હિત ખાતર તેમણે પોતાની રુચિઓ અને વૃત્તિઓને ફેર કરવા માટે સહજ થઈ જવું જોઈએ.

સ્વરાજ આવ્યા પછી સમાજને દૃષ્ટિ સામે રાખીને જ પોતાની જરૂરિયાતોનો વિચાર કરવો જોઈએ.

જ્યાં પ્રજાનો મોટો વર્ગ આજે ગરીબી ભોગવી રહ્યો છે, ગરીબાઈથી રિબાઈ રહ્યો છે, પહેરવા સારુ પૂરતાં વસ્ત્ર કે ખાવા સારુ

પૂરતું અન્ન સુદ્ધાં મળી શકતું નથી, ત્યાં મોટા મોજશોખ તથા મોટા એશઆરામોની ખાતર ધનનો દુર્વ્યય કરવો કે કરાવવો એ અર્થની બહુના પાપમાં જ ગણ્ય છે.

જો કે તેમના પતિઓ તો આજે પ્રકટ પોતાની પત્નીઓને કીમતી માની એની માગણીના સારુ ગમે ત્યાંથી અને ગમે તે રીતે ખાતરી આપી ઇચ્છાઓ પૂરી પાડશે, અને તે દ્વારા સ્ત્રીઓની આવી વૃત્તિને ઉત્તેજી પોતાની વાસના પણ પૂર્ણ કરશે. પરંતુ તેનું પરિણામ એ આવશે કે આવી આખા રાષ્ટ્રમાં અન્યાય અને સ્વાર્થનું સામ્રાજ્ય વ્યાપી દેશને વધુ પણ વધુ કંગાળ અને પામર બનાવશે.

માટે આવા મહા અનિષ્ટથી બચવા સારુ પણ આપણી સ્ત્રી સમાજે આવી ખોટી ટેવોના ફંદામાં ન ફસાતાં તે માર્ગથી દૂર થઈ પોતાની જરૂરિયાતોનું ક્ષેત્ર સંકોચી ટૂંકું કરે અને સાદા સૌંદર્યને નિભાવવા સારુ નિસર્ગ પરત્વે સચોટ રુચિ કેળવે એ જોઈએ. આથી રાષ્ટ્રની આબાદી અને નીતિ એમ બન્નેનો વિકાસ થશે. સ્ત્રીઓમાં ચારિત્ર્ય પ્રસરશે, અને તે પોતાના આચરણથી પોતાના પતિ પ્રત્યે પ્રકટ થતાં થશે તો તેમને ઉન્નત માર્ગમાં સહાય મળશે તેમજ ક્રમશઃ પોતે પણ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખોનો સાક્ષાત્કાર કરી શકશે.

પતિ અને પત્નીએ પાળવાના નિયમો

પતિ અને પત્નીએ મર્યાદિત બ્રહ્મચર્ય પાળવા સારુ અને સંયમની આરાધના કરવા સારુ તન મન અને સરળ નીચેના નિયમો પર ધ્યાન આપવાની આવશ્યકતા છે.

૧ ઋતુકાળ સિવાય પ્રાયઃ બ્રહ્મચર્ય પાળવું જોઈએ, અને તેના પાલન સારુ બન્નેના પ્રયત્ન હોવા જોઈએ.

સહવાસને લીધે પરસ્પરના આકર્ષણથી વિકારની સ્વાભાવિક ઉત્પત્તિ થવા પામે છે તેથી તે અમોઘ પગલું પરે, બ્રહ્મચર્ય પાળવાની

પ્રશ્નો પૂછતાં કેટલાક પુરુષો પોતાના મનોભાવને સંપૂર્ણ માની "એમાં તે શું ?" એમ ઉપેક્ષા કરી સહવાસ રાખે છે તેમનું મન બગડે છે યા મોડું ચલિત થઈ જવાથી તેમના સંતાનમાં વૃત્તિઓ પ્રવેશેલી છે

બ્રહ્મચર્યની આરાધના કરનાર ગૃહસ્થ સાધકે એટલું પણ ધ્યાનમાં રાખે એ ઇષ્ટ છે

૨ રાત્રે સૂતી વખતે સાત્વિક વાંચન અથવા જે માર્ગ પ્રેરણા આપે એવાં સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્ર વાંચવાં, જપ પ્રાર્થના પણ આવકાર થઈ શકે.

૩ ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ।

ભગવદ્ગીતા

ઉત્તેજિત થયેલી ઇન્દ્રિયો મનને પરવશ બનાવે છે આ વિષય પર ગીતાદર્શને તો બહુ ગંભીર સમાલોચન કર્યું છે જેમ વૃક્ષના રક્ષણ માટે મજબૂત વાડ કરવી પડે છે તે જ રીતે બ્રહ્મચર્યપિપાસુઓને માટે બ્રહ્મચર્યના રક્ષણ સારુ તેણે નવ વાડો બતાવી છે તે પૈકી આ ત્રણ વસ્તુઓ પર તો ખૂબ જ ભાર આપવામાં આવ્યો છે.

વિભૂષા, સ્ત્રીસંગ ને રસાળાં સ્વાદુ ભોજન,
કરાલ ઝેરના જેવાં તે આ માર્ગી મુમુક્ષુને.

શરીરની ટાપટીપ, રસાળાં ભોજન અને ચાર એકાંતમાં પુરુષ અને સ્ત્રીનો પારસ્પરિક સંસર્ગ આત્મહિતાર્થી સાધક અને બ્રહ્મચારીને માટે હાનિકારક છે આથી સાત્વિક ખોરાક ખાવો જોઈએ, સાદો પોશાક પહેરવો જોઈએ અને શુદ્ધ વાતાવરણમાં રહેવું જોઈએ.

૪ આમ ઉત્તેજક ભોજનને માટે તીખાં ખાટાં અને ખારાંનો ત્યાગ કરવો સૌથી અધિક આવશ્યક છે

મરચાં કે તેવી તીખી ચીજો ઉત્તેજનાઓને ઉશ્કેરી મૂકે છે તથા નિર્બળ પણ બનાવે છે માંસ અને મદિરાનો ઉપયોગ કરનાર પશુ ને

વધુ તામસી વૃત્તિમાં પ્રસાર્ય જાય છે અને તેથી તે વૃત્તિને આધીન થઈ તે સાત્વિક જીવન ગુજારી શકતો નથી.

જો કે આજે તો આ પ્રશ્ન જેટલો શારીરિક દૃષ્ટિએ વિચારણીય છે તેટલો ગૃહસ્થાશ્રમીને આર્થિક દૃષ્ટિએ પણ અતિ વિચારણીય થઈ પડ્યો છે. ભારતની આજકાલ સંપત્તિ આવાં આવાં કેફી પીણાં અને વિવિધ આધુનિક પાછળ જ સર્વે વેડફાઈ જાય છે.

૫. મોહક અને આકર્ષક હાવાં જે ખરાબ વૃત્તિને ઉશ્કેરે છે તેવું નિરુપયોગી સાહિત્ય અને નૈતિક જીવનને હાનિ પહોંચાડે તેવાં નાટક અને સિનેમામાં દેખાડાતા હાવભાવ તથા તેવા જ પ્રકારના મોહક વાતાવરણથી પણ દૂર રહેવું જરૂરી છે.

કારણ કે પ્રસંગ દર્શન તથા વાચનની સારી કે માઠી અસર સૂક્ષ્મ રીતે થતી જ રહે છે અને તેથી ગૃહસ્થાશ્રમના વાસ્તવિક ધર્મને ઈચ્છનાર સજ્જનોએ ઉપર્યુક્ત નિષેધોમાં સાવચેત રહેવાની જરૂર છે.

અન્ય પ્રદેશોમાં તો આવી બધી પ્રવૃત્તિઓ ઉપર ખૂબ તકેદારી રાખવામાં આવે છે. પ્રજાજીવન પર ખોટી અસર પડે તેવી જાતનું સાહિત્ય કે અન્ય પ્રયોગોની છૂટ ત્યાં આપવામાં આવતી જ નથી.

ભારતમાં હજુ તેવી સ્થિતિ નથી. તેથી પ્રજાના હિત ખાતર પ્રજાના આગેવાનોએ પ્રજાની વિકૃતિઓ દૂર કરવા કમર કસવી પડે, અને તે પ્રજાઓ ગૃહસ્થમાં વેડફાઈ જતી હોય તો તેવાઓને પણ પોતાને હાથ કરી લેવી પડે. કારણ કે આજે તે પોષ એટલા બધા જોરભેર વધી રહ્યા છે કે પ્રજાની સંસ્કૃતિના સુધાર કે બચાવનું આ એક જ સાધન છે.

૬. ઉચ્ચ ભાવનાવાળા યુવાન યુગલોએ પોતાનાં પતિ પત્ની સિવાય અન્ય સ્ત્રીપુરુષ સાથે એકાંત સંસર્ગ અને આવી

પરિશ્રમના પ્રસંગથી દૂર રહેવું પડે કારણ કે તેથી નૈતિક જીવનમાં વિશેષ હાનિ પહોંચવાનો સંભવ છે.

આ નિયમોનો હેતુ એ નથી કે સ્ત્રી અને પુરુષ જાતિ વચ્ચે દ્વેષ કે અવગણના ઊભી કરવી; કારણ કે સ્ત્રી અને પુરુષની સમાનતા તો સુંદરજીવનમાં અનિવાર્ય આવશ્યક છે. પરંતુ સ્ત્રીપુરુષની સમાનતા તે બન્નેના અતિ સંસર્ગથી જ સાધ્ય થાય છે તેવું કંઈ નથી. પુરુષની સમાનતાનો આધાર તો પુરુષની સ્ત્રીઓ પ્રત્યે ઉદાર ભાવના અને વિવેક પર જ અવલંબે છે.

અતિ સંસર્ગના પરિણામે કેટલીક વખત સમાનતાના યોગ્ય લાભને બદલે વિશેષ પ્રમાણમાં હાનિ થતી દેખાય છે.

પુરુષના સ્વભાવગત સાહસને લીધે પુરુષોને સ્ત્રીઓના અતિ સંસર્ગથી તો નુકસાન થયાનાં અનેક દૃષ્ટાંતો આપણે જાણીએ છીએ. પરંતુ સ્ત્રીઓને પણ પુરુષના અતિ સહવાસથી ઘણું વેઠવું પડ્યું છે તે વાત પણ નવીન નથી.

એટલે તે દૃષ્ટિએ આ નિયમનું વિવેકપુરઃસર પાલન કરવું આવશ્યક છે.

૭ પતિએ પોતાની પત્ની અને પત્નીએ પોતાના પતિ પ્રત્યે સમાનતા કેળવવી જોઈએ.

જો પત્ની પોતાના પતિ સિવાય અન્ય પુરુષ સામે ભ્રાતૃદૃષ્ટિથી જોતાં શીખે તો આવી ઉચ્ચ ભાવના વર્તનમાં આવી શકે અને તેવું વર્તન થવાથી તે બન્ને સમાનતા અનુભવી શકે.

સમાનતાની ભાવનાથી સ્ત્રી સ્વાભાવિક રીતે જ પતિનું એક વિરામસ્થાન બની રહે છે. પતિ પોતાના આર્થિક બોજાથી કદાચ જતો હોય ત્યારે આ અર્ધાંગના તેનો ભાર હળવો કરી શકે છે અને પતિના દુઃખે દુઃખી અને સુખે સુખી બની શકે છે. આવી સ્ત્રીઓને જ

શાસ્ત્રકારોએ ઉત્તમ કોટિની ગણી છે તે જ રીતે જે પતિ પોતાના ગૃહને જ સ્વર્ગ છે અને પોતાની પત્ની એ જ પોતાના ઇષ્ટ અને સુખનું કેન્દ્રસ્થાન છે એમ સમજે છે તે જ આદર્શ પતિ એમ સમજવું છે.

આ બધાં નિયમોની આદર્શ ગૃહસ્થાશ્રમી દંપતીમાં અનિવાર્ય અપેક્ષિતા છે કારણ કે જો આ નિયમોનું પતિ અને પત્ની બ યથાર્થ પાલન કરે તો તેના ગૃહસ્થાશ્રમનું સ્વર્ગ દેખીને બધુ આશ્ર શકે. અને તેવાં કુટુંબો પોતાના ગૃહસ્થાશ્રમમાં ઇષ્ટ અને ધાર્મિકતાને પ્રતિ લક્ષ રાખી ઐહિક અને પારલૌકિક હિત સાધી આ સમાજને પોતાનો આદર્શ પૂરો પાડી શકે.

૨

સંતતિ પ્રત્યે માબાપનું કર્તવ્ય

જે દેશમાં પ્રજાની સંસ્કૃતિ પર ઘણું ધ્યાન અપાય છે તે દેશ સુખી અને આબાદ હોય છે કારણ કે સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિનો આધાર પ્રજાની સંસ્કૃતિ પર નિર્ભર છે

સુખપૂર્વક દંપતીના ગૃહસ્થાશ્રમના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલી સંતતિને ગર્ભાવસ્થાથી માંડીને પુખ્ત વય પર્યંત માતાપિતાએ તેમનામાં કઈ જાતના સંસ્કારો રેડવા પડે તથા તેમની પ્રત્યે કેવી જાતનું વર્તન રાખવું પડે તે વસ્તુને વિચારીશું.

પિતાની ફરજ

ગર્ભધારણ થયા પછી પ્રસૂતિકાળ પર્યંત પત્નીસંગ કરવો તે એક ભયંકર પાપ છે એટલું જ નહિ પણ ત્યાં સુધી પત્ની અને વિકારી દૃષ્ટિથી જોવું કે વિકારી વાતો કરવી તે પણ પાપાચરણનું જ એક સ્વરૂપ છે

કારણ કે બાળક જ્યારથી ગર્ભમાં આવે છે ત્યારથી માતાની અને તેની નાડી એક જ હોય છે માતાના શ્વાસોચ્છ્વાસ દ્વારા જ ગર્ભ જીવે છે તેથી માતા પર થતી સારી કે માઠી અસર સંતતિ પર પણ તાત્કાલિક થાય છે

જે સંતતિનાં માતાપિતા આત્મા રૂપ ઊંચું ધ્યેય ત્યાંથી પવિત્ર, સંયમપૂર્વક પાળે છે તે સંતતિ સશક્ત અને બલિષ્ઠ બને છે. પરંતુ જે સંતતિનાં માતાપિતા પોતાની બૂરી વાસનાને રોકી શકતાં નથી, તેમની સંતતિ વિકારી અને રોગિષ્ઠ બને છે. તેવાં માબાપો તે સંતતિનાં ધર્મમાતા કે ધર્મપિતાને નામે સંતતિનાં શત્રુરૂપ બન્યાં છે. એટલે વિષયસંયમ એ માબાપનું સંતતિ પ્રત્યેનું સૌથી પ્રથમ કર્તવ્ય છે.

જે માબાપો પોતાના આ કર્તવ્યને ભૂલ્યા પછી ભવિષ્યમાં પોતાની સંતતિ તરફથી સદ્ભાવના કે સેવાની આશા રાખે છે, તેઓ બાવળનું બીજ વાવી કેરીની ઇચ્છા રાખનાર મૂર્ખના જેવું બેહૂદું કાર્ય કરી રહ્યાં છે એમ લાગે છે.

પુરુષોને ઉપાલંભ

આજે સમાજે સર્વ બાળકોની પિતાની જવાબદારી માતા કરતાં અધિક છે પરંતુ તેઓમાંથી પોતાની ફરજ સમજનાર બહુ થોડા જ સર્વ આજે નજરે પડે છે. વિશેષતઃ તો એવા મૂર્ખ અને વાસનામય પુરુષો હોય છે કે જે પ્રસવકાળ થતાં સુધી પણ પોતાની કામવાસનાને રોકી શકતા નથી. ખરેખર આવા પુરુષો પિતાના પવિત્ર નામને પણ લજાવે છે. અત્યાચાર અને રોગીષ્ઠ સંતતિનું ઉત્પન્ન થવું એ મોટે ભાગે એવા પ્રકારની વાસનાનું જ પરિણામ છે. સ્ત્રીઓનાં અનેક રોગોનું પણ આ એક મુખ્ય કારણ છે.

આજે સુધારકોમાંના તો રડ્યા ખડ્યા જ છે. સેંકડે ૨૫ ટકા માતાઓ તો સુવાવડમાં જ મરણ પામે છે અને બાકીની જે જીવે છે તે કાંતિહીન થઈ જીવન પૂર્ણ કરે છે. તેમાં ઘણે ભાગે ગર્ભાશય ખસેલું હોય છે. પ્રદર, હિસ્ટીરિયા અને તેવા અનેક રોગોથી તે હંમેશાં પીડાતી રહે છે. પછી આવાં સ્ત્રીપુરુષો પાસેથી જે શારીરિક અને માનસિક દૃષ્ટિએ શક્તિશાળી અને મનસ્વી હોય છે, તેવું

તેને સેવન કરવું પડે છે ત્યાં પણ ગયેલું સ્વાસ્થ્ય તેને ફરીથી સાંપડી શકતું નથી. અને બેચાર બાળકોની માતા ભલી ગમે ત્યારે વ્યક્તિને વય માત્ર ૩ વર્ષની હોય પરંતુ લોક ૮ વર્ષની મોટી કરતાં તે મોટી ઘરડી કે એટલી શિથિલ દેખાતી નથી.

આ બધાં દરદોનું મૂળ વિકારની વાસના (છે અતિ વિકારનું પરિણામ એકલા પુરુષોને જ ભોગવવું પડે છે તેવું કાંઈ નથી. તેની અસર આ રીતે સ્ત્રીઓ ઉપર પણ વધુ બૂરી થાય છે આવી રીત સમાયેલા આરોગ્યને મેળવવા ? સંતતિનિયમનના ઉપાયો માટે કાંઈ માટે છે, તેમણે બાળકને તો આખરે પોતાની વિકારી વાસનાને કાબૂમાં રાખવાને રસ્તે જ જવું પડશે. પરંતુ પછીથી જવું તે કરતાં પ્રથમથી જ જવું એ વધુ ઉચિત છે કારણ કુદરતના કાનૂનને આધીન થઈ આખરે તેમ વર્તવાની ફરજ અવશ્ય ઊભી થાય છે

પ્રથમના ૭ વર્ષનો ગાળો એ બાળકના જીવનને માટે સૌથી વધુ અગત્યનો હોય છે એ સમય દરમિયાન બીજા સંતાનનો બોજો માબાપ પર આવી પડે તો તેઓ પ્રથમ બાળક પ્રત્યે પૂરતું લક્ષ આપી શકતાં નથી. આવી અસર આવે પ્રથમના જીવન પર પડે છે વધુ જવાબદારીનો બોજો સહન ન થતાં માબાપ ચીડિયાં બને છે અને એનાથી બાળકની અનેક ઊર્મિઓ અને ભાવનાઓ કચડાઈ જાય છે

સ્ત્રીઓને સૂચન

આ પરિસ્થિતિમાં સંતતિની માતા કંઈ ઓછી જવાબદાર નથી. તેણે આવા પતિને સમજાવટ દ્વારા પોતાની પવિત્ર ફરજનું ભાન કરાવવું ઘટે અને જો તે ન માને તો અસહકારથી પણ તેને ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ આવી વાસનામય વૃત્તિને આધીન તો કદી ન જ થવું ઘટે

પતિની આવી વાસના તાબે થવામાં કોઈ પતિભક્તિ સમજતું

હોય તો તે કેટલું કામ છે તે યાદ રાખવું જોઈએ કે પત્ની એ પતિની ગુલામડી (વિષયવાસનાની તૃપ્તિ અર્થે) નથી, પણ એમની સહચારિણી છે તેથી આવા પ્રસંગે પત્નીએ પતિને પ્રેમમાં સમજાવવા માટે પ્રયત્ન કરવા જોઈએ એટલું કરવાનો તેને સંપૂર્ણ હક છે આવી રીતે જો તે આટલી પણ નૈતિક હિંમત ન દાખવે તો તે અનાચારી પતિની પેઠે પોતે પણ ગુનેગાર બને છે, અને તેજ વખતે તે સંતતિની પવિત્ર માતા મટી પાપિની બની રહે છે

સંયમનું શુભ પરિણામ

જે માતાપિતા પોતાની સંતતિ ખાતર વર્ષોની વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળે છે તેમની સંતતિ સૌંદર્ય સ્વાસ્થ્ય અને પ્રતાપથી ભરપૂર હોય છે તેના પ્રમાણ ઉપર વાંચી ગયા છે તેનું પરિણામ ધન અને કીર્તિ જાણીતું છે અને આવું બે વર્ષનું બ્રહ્મચર્ય પણ પાંચ વર્ષની ના જેટલું ગુણ દાયક છે

ગર્ભાધાન પછી માતાએ પાળવાના નિયમો

૧. મન અને વાણીથી પણ સંભોગની ભાવનાનું ચોક્કસ ત્યાગ રહે તે સાદુ ભોજન અને પવિત્ર વાતાવરણમાં રહેવું
૨ સતીઓના જીવનચરિત્રો વાંચવા કે સાંભળવાં.
૩. ખોટી નિંદા, કુથલી કે નિરર્થક વાતો કરવી કે સાંભળવી નહિ.
૪ કુત્સિત (વિકારવર્ધક) દૃશ્યો જોવાં નહિ.
૫. ગરમ મસાલા કે ખટાશવાળા રસ લેવા નહિ. પણ નવું નવું ઉપયોગી શિક્ષણ મેળવવામાં સમય પસાર કરવો.

તે સમયની દરેક ક્રિયાની અસર ગર્ભાશયમાં બાળક પર અવશ્ય થાય છે અભિમન્યુને ગર્ભમાં જ ચક્રવ્યૂહ ભેદવાનું જ્ઞાન માતાની રક્ષિણીથી જ થયું હતું તે વાત તો પ્રસિદ્ધ છે. એટલું જ નહિ ભલે આજે પણ આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે

ગર્ભવતી માતા જેવા વિચારો સેવે છે અને જેવી રીતે વર્તે છે તેવી પ્રકૃતિવાળું બાળક જન્મે છે.

> આહાર જેવો હોય માતમાં તેવો પુત્રમાં આવે છે,
> ગર્ભવતીની સઘળી ચેષ્ટા ગર્ભે ગર્ભે જમાવે છ "
>
> —સંતશિષ્ય.

એટલે જે ગર્ભવતી માતા તે સમયે બેદરકાર રહે છે તેનું પરિણામ તે સંતતિ સંસ્કૃતિહીન થવાથી તેને પોતાને ભવિષ્યમાં ભોગવવું પડે છે.

દોહદ

દોહદ શબ્દને ગૂજરાતી ભાષામાં ડોહળા કહેવામાં આવે છે. દોહદ એટલે બે હૃદયવાળી ગર્ભવતીની ઉત્કટ ઇચ્છા. જેમ કોઈને આરામ થતો જાય છે ત્યારે ભિન્નભિન્ન જાતની ભોજનરુચિઓ ઉત્પન્ન થાય છે તેમ ગર્ભવતી સ્ત્રીને પણ આવા સમયે જુદીજુદી પ્રકારની ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે.

જે બહેનો સુશીલ અને સંસ્કારી હોય છે તેમને આવી ઉત્તમ પ્રકારની રુચિઓ પ્રગટે છે. કોઈને ધાર્મિક વાતો સાંભળવાની, કોઈને ભક્તિ કરવા જવાની, કોઈને દાન દેવાની, કોઈને સુમધુર ખાનપાન દેવાની, તો કોઈને સત્કાર્યાદિ કરવાની ઇચ્છા.

આવી ઉત્તમ રુચિઓને પરિપૂર્ણ કરવી તે તેમનાં પતિ, સાસુ અને વડીલોની ફરજ છે. કારણ કે તેવી ઉત્તમ ઇચ્છાઓ પરિપૂર્ણ ન થાય તો તેના અંતઃકરણમાં દુઃખ થવાને લીધે સંતતિને પણ ખેદ પહોંચવાનો સંભવ છે.

પરંતુ કેટલીક બહેનોને માટી કે રાખ ખાવાની, નિરર્થક વાતો કરવાની નિરુપયોગી જોવા સાંભળવાની કે ખાટું ખારું તીખું—તમતમતું ખાવાની પણ ઇચ્છા થાય છે. આવી ઇચ્છાઓ પ્રાયઃ આજુબાજુના ખરાબ વાતાવરણથી કે હલકી ખાસિયતની સ્ત્રીઓના સંસર્ગથી અથવા તો શારીરિક પેટના રોગોની ખામીથી જ બને છે.

હોય તો તે કેમ બને છે તે વાત ચાખ્ખું જણાવે છે કે પત્ની એ પતિની કામનાથી (વિલાસવાસનાની વૃત્તિ અર્થે) નથી, પણ પ્રજાની ઉત્પત્તિ અર્થે છે તેથી આવા પ્રસંગે પ્રયોગ પતિને મનમાં લાવવા માટે વખત તેટલા બધા પ્રસંગો બચાવો તેને સંપૂર્ણ હક છે. પત્ની પાસે જો તે આટલી પણ નૈતિક હિંમત ન રાખે તો તે વ્યભિચારી પતિની પેઠે પોતે પણ ગુનેગાર બને છે અને તેજ વખતે તે સતીની પવિત્ર માતા મટી પાપિની બની રહે છે

સંયમનું શુભ પરિણામ

૭ આશ્રમો ચોથાની સંતતિ આજ ચાર વર્ષની થઈ છતાં સૌથી આગળ પડે છે તેમની સંતતિ સૌંદર્ય સ્વાસ્થ્ય અને સદાચારી બનાવ એમ છે તેના વજન ઉપર વાંચી ગયો છે તેનું શરીર સશક્ત અને સુરેખ સુડોળ છે અને આવું બે વર્ષનું બાળક પણ પાંચ વર્ષની વય જેવડું પુષ્ટ લાગે છે

ગર્ભાધાન પછી માતાએ પાળવાના નિયમો

૧. મન અને વાણીમાં પણ પ્રસન્નતાની ભાવનાનું પોષણ થાય રહે તે માટે ઉત્તમ અને પવિત્ર વાતાવરણમાં રહેવું
૨ સતીઓનાં જીવનચરિત્રો વાંચવાં કે સાંભળવાં.
૩ ચોરી નિંદા, ચુગલી કે નિરર્થક વાતો કરવી કે સાંભળવી નહિ.
૪ કુત્સિત (બિભત્સ) ચિત્રો જોવાં નહિ.
૫. ઉદ્વેગ કે મગજમાં રજ સેવો નહિ. પણ નવું નવું ઉપયોગી શિક્ષણ મેળવવામાં સમય પસાર કરવો.

તે સમયની દરેક સ્થિતિની અસર આવનારી સંતાન પર અવશ્ય થાય છે અભિમન્યુને ગર્ભમાં જ ૭ કોઠાના યુદ્ધનું જ્ઞાન માતાની રતિથીજ થયું હતું તે વાત તો સર્વપ્રસિદ્ધ છે એટલું જ નહિ પણ આજે પણ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે

ગર્ભવતી માતા જેવા વિચારો સેવે છે અને જેવી રીતે વર્તે છે તેવી પ્રતિકૃતિ બાળક બને છે

આદત જેવી હોય માતમાં તેવી પુત્રમાં આવે છે
ગર્ભવતીની સઘળી ચેષ્ટા મર્મે મર્મે જણાવે છે
—સંતતિક્રમ.

એટલે જે ગર્ભવતી માતા તે સમયે બેદરકાર રહે છે તેનું પરિણામ તે સંતતિ સંસ્કૃતિહીન થવાથી તેને પોતાને ભવિષ્યમાં ભોગવવું પડે છે

દોહદ

દોહદ શબ્દને ગુજરાતી ભાષામાં ડોહળા કહેવામાં આવે છે દોહદ એટલે બે હૃદયવાળી ગર્ભવતીની ઉત્કટ ઇચ્છા. જેમ ઋતુનો આરંભ થતો જાય છે ત્યારે ભિન્નભિન્ન જાતની આનંદવૃત્તિઓ ઉત્પન્ન થાય છે તેમ ગર્ભવતી સ્ત્રીને પણ આવા સમય સુધી ઘણી પ્રકારની ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે

જો માતા સુશીલ અને સંસ્કારી હોય છે તેમને આવી ઉત્તમ પ્રકારની રુચિઓ પ્રગટે છે કોઈને ધાર્મિક વાતો સાંભળવાની કોઈને રમ્ય દૃશ્યો જોવાની કોઈને દાન દેવાની કોઈને સમધુર ખાનપાન લેવાની, તો કોઈને અભ્યાસ કરવાની વગેરે.

આવી ઉત્તમ રુચિઓને પરિપૂર્ણ કરવી તે તેમના પતિ સાથે અને વડીલોની ફરજ છે કારણ કે તેવી ઉત્તમ ઇચ્છાઓ પરિપૂર્ણ ન થાય તો તેના અંતઃકરણમાં દુઃખ થવાને લીધે સંતતિને પણ ખેદ પહોંચવાનો સંભવ છે

પરંતુ કેટલીક નારીઓને માટી કોલસા આદિની વિચિત્ર વાતો કરવાની, નિરુપયોગી જેવા ખાવાની કે ખાટું ખારું તીખું— ચમચમતું ખાવાની પણ ઇચ્છા થાય છે આવી ઇચ્છાઓ પ્રકાર માબાપના ખરાબ વ્યવહારથી કે ઘણી ખામીવાળી સ્ત્રીઓના ગર્ભમાંથી અથવા તો શારીરિક પીડા કરનારી આપત્તિ જ છે

સારી માતાઓએ એવી ઇચ્છાને સખત સંયમપૂર્વક દાબી દેવી જોઈએ અથવા યોગ્ય ઉપચાર કરવા જોઈએ. અન્યથા પોતાની પ્રજા પર તેવા ખોટા સંસ્કારોની છાપ પડી જવાનો ભય રહે છે

ખાનપાન

જેવી રીતે પ્રજાના સંસ્કારોનો આધાર માતા પર છે તેજ રીતે ગર્ભની તંદુરસ્તીનો આધાર પણ માતાના સ્વાસ્થ્ય અને ખાનપાન પર છે તેથી અતિ ગરમાગરમ, અતિ ખાટાં, તીખાં, ખારાં કે ચેરાં ખાવાં ખાવાં નહિ, પણ હલકું અને સાત્વિક ભોજન અને તે પણ પરિમિત લેવું. આ ઉપરાંત તેમાં નશો કોઈ પણ જાતની કેફી પીણાં ન પીવાં અને ઉત્તેજનાકારી ક્રિયાઓ પણ અગ્નિ વધારે ન પડે તેમ વાસના ઉત્પન્ન ન થવી જોઈએ તેવી રીતે ચાલવું એ શાસ્ત્રની આજ્ઞા અનુસાર દરેક બહેનોની ફરજ છે

પતિઓને નિર્દેશ

આવે પ્રસંગે તે બહેનોના પતિઓ અને તેમાં પણ ખાસ કરીને તેમની સાસુઓનું અનિવાર્ય કર્તવ્ય છે કે તેમણે તેમની પાસેથી શ્રમ પડે તેવું કાર્ય ન લેવું, પણ ઉત્તેજક ક્રિયાઓ ન કરાવવી. તેને માનસિક પીડા થાય તેવું વર્તન ન રાખવું અને તેને વિશેષ શાંતિ રહે તેમ રહે, તે તરફ સાવચેત રહેવું

ગૃહસ્થાશ્રમની પ્રથા પ્રમાણે સાસુના હાથમાં કેમ છે તેનો ગેરલાભ કેટલીક સાસુઓ દુરુપયોગ કરી નાખે છે. કેટલીક સાસુઓ ગર્ભવતી વહુઓ પાસે અતિ તકલીફ પડે તેવું કાર્ય લે છે, અને કામ કરાવવામાં તેઓ લાભ પોતાનો સ્વાર્થ જુએ છે એમ માનતી હશે. પરંતુ તેનું પરિણામ એ આવે છે કે વહુની તબિયત બગડે છે, અને સાથે સાથે સંતતિને પણ દુઃખ થાય છે આવું પરિણામ ભવિષ્યમાં મોટી આફતનું કારણ બની રહે છે માટે આ સંબંધમાં પહેલેથી જ કાળજી રાખવી ઘટે

સુધારકનો પ્રશ્ન

યુરોપમાં જે સ્વચ્છતા અને સગવડો હોય છે તે આપણા સારા ગામડાંઓને ત્યાં પણ હોતાં નથી. અને તેની આવશ્યકતા પણ છે.

હવે તો આપણે ત્યાં પણ ફેર ફેર પ્રસૂતિગૃહો નીકળવા લાગ્યાં છે અને તે જરૂરી પણ છે પરંતુ એની વ્યવસ્થા કરવાની રીતમાં દેશની પરિસ્થિતિને અનુકૂળ થાય તેવું ઘણું સંશોધન જરૂરી છે. આજના નવા વિજ્ઞાન પાસે શરીરશાસ્ત્ર તથા સ્વચ્છતા વિષયના જે જ્ઞાનો છે તે બધાંથી આપણી દાયણો પાસે નથી. અને તેથી તે ભૂલ / સુધારા માગી લે છે. જો એ બંનેનો આવકારું સમન્વય કરી નવું / શાસ્ત્ર નિર્માણ કરવામાં આવે તો પશ્ચિમના માત્ર અનુકરણથી જે નુકસાન થાય છે તેમાંથી આપણે ઊગરી જઈએ.

વળી દેશી વર્ગમાં એવું પણ મન થયું કે દેશી સુવાવડી જેઓ નર્સને પરિપૂર્ણ આવડતનું જ્ઞાન ન હોવાને કારણે બાળકને અને માતાને સાચું પડતું હોય પરંતુ આ સુધી શાસ્ત્રીય દૃષ્ટિએ શરીરશાસ્ત્રનો અભ્યાસ કરાવી એવાં દેશી પ્રસૂતિગૃહો તૈયાર ન થાય ત્યાં સુધી આમ થયા વિના છૂટકો થતો નથી. કારણ કે આપણી દષ્ટિએ તો એટલી તો નિર્બળ હોય છે કે બધું પ્રસૂતિકષ્ટ સહન કરવાની શક્તિ તેઓ ગુમાવી બેઠી છે.

બીજી બાજુ ગ્રામ્ય સ્ત્રીઓ પ્રાચીન ઢબની હોવાને લીધે પણ તે કષ્ટ સહેલાઈથી સહન કરી શકે છે, કારણ કે તેમનામાં તાકાત પરિપૂર્ણ હોય છે. પ્રાચીન પ્રસૂતિશાસ્ત્રનું જ્ઞાન આજે નષ્ટપ્રાય થઈ ગયું છે. તેનો પુનરુદ્ધાર કરવાની અને આજની ઢબે સ્વચ્છ વાતાવરણ અને વ્યવસ્થા રાખનારાં ગૃહોનો પ્રચાર કરવાની પણ આવશ્યકતા છે.

માતા એ ગર્ભનું મન જ એવાં પ્રસૂતિકાળ સાધન સાથે

અને બાળકને પૂરતું પોષણ મળે તે માટે સમાજ અંગત સહકારે વ્યવસ્થા કરવી જોઈએ.

નિર્બળતાનો જન્મ

સ્ત્રીઓની આ નિર્બળતા જન્મવાનું મૂળ શારીરિક વ્યાયામનો અભાવ જ છે. પહેલાં દળવું, ખાંડવું, તથા પાણી વગેરે ભરવાની ક્રિયાથી કમરના સ્નાયુઓ અને હાથપગને ખૂબ કસરત મળતી. ત્યારથી પેટનાં અવયવોને વ્યાયામ મળતો. કુદરતી વાતાવરણમાં બેસી ઘણી વસ્તુ પણ, ઘેર બનાવી લેતાં હતાં. આજે તાલીમ મળતી પશ્ચિમનો રિવાજ વિશેષ પ્રચલિત હોવાથી સ્ત્રીઓને ઘણું કામ રહ્યું નથી. જીવનનાં આવશ્યક તત્ત્વો એવાં કે હવા, જળ અને ખોરાક તે સર્વે આવા કુદરતી વ્યાયામોથી સાત્ત્વિક અને સ્વચ્છ મળતાં હતાં. અને તેથી શારીરિક, માનસિક અને તંદુરસ્તી જળવાઈ રહેતી હતી. આજે વ્યાયામ કરવા માટે શારીરિક અને આર્થિક એમ બન્ને દૃષ્ટિથી ખૂબ ખેંચ પડે છે. તેમાં પણ હજુ કોઈ બાકી રહી ગયું હોય તેમ તેની દુર્દશા કરનારાં અનેક વ્યસનો પુરુષવર્ગથી સ્ત્રીવર્ગમાં પણ વધી પડ્યાં છે.

ચાની બદી

બીજાં નાનાંમોટાં વ્યસનો બાદ કરીએ તો પણ સ્ત્રીઓમાં આ વ્યસન જ્યાં જુઓ ત્યાં ઘર કરી બેઠું છે. શારીરિક, આર્થિક રાષ્ટ્રીય અને ધાર્મિક એમ ચારે દૃષ્ટિએ આ હાનિકારક છે, તે વાત હવે આના જેવા અનેક સાહિત્ય દ્વારા જાણી વિશેષ સમજાવવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ આ સ્થળે એટલું નિર્દેશ કરવું જરૂરી મને લાગે છે કે તેઓ પોતાનાં શરીર તથા બાળકો નીરોગી હોય, પણ પ્રજાના હિત માટે તો તેમણે જરૂર આ આદતથી છૂટી જવું જોઈએ.

જે બાળકની માતા આ પ્રમાણે છે તે બાળકને ગર્ભપ્રદેશમાં જ શરીરને લાયક વિષ પાય છે અને પ્રાણનું આયુષ્ય ઓછું બનાવવાની પાછળી ક્રિયા કરે છે. તેમ માનવું અસ્થાને નથી. આ બાબતે સ્ત્રીઓમાં શિક્ષણ હો કે ન હો, કોઈને જાણ રહેવા દીધા નથી. આ દુઃખ દૂર કરવા સ્ત્રીઓએ શીઘ્ર વળી લેવી જોઈએ.

બાળઉછેરના જ્ઞાનનો અભાવ

નાના બાળકને જરા આમ તેમ થાય કે તુરત ઓસડો, દાક્તરને, એમ કહેવું પડે તે બાળઉછેરના જ્ઞાનના અભાવનો નમૂનો છે. અનુભવી ડોશીઓ પણ ગર્વ અને પસ્તાવાનો ભોગ બનો બને. પરંતુ તેનું પરિણામ તો બાળકોને જ ભોગવવું પડે. માતાઓ નથી અને દાયણોના બાલ્યા પીવરાવીને બાળકોને મારવામાં આવતી મદદ.

આ દુઃખથી છૂટવા માટે માતા થવા પહેલા દરેક સ્ત્રીને પ્રાથમિક વૈદકનો અભ્યાસ કરાવવો ખૂબ જ જરૂર છે.

નાનાં બાળકો પ્રત્યે

બાળકો જ્યાં સુધી માતાનું દૂધ પીએ ત્યાં સુધી માતાએ પોતાની દરેક ક્રિયામાં સમજી રહેવું પડે અને દરેકની સાથે ઉચ્ચ સંસ્કારોનું ધ્યાન પણ રાખવું પડે. બાળકના મનમાં મીઠા અને મધુર વચનો ભરવાં જોઈએ. કારણ કે આ વયને બાળકની માતા સાથે મિત્રી જ એકાકારતા હોય છે કે તે પોતાની માતા સિવાય જગતમાં કોઈને ઓળખતું જ નથી.

કેટલીક માતાઓ તો બાળકની પૂરી તંદુરસ્તી જાળવી શકતી નથી ત્યાં મનોવૃત્તિની તો વાત જ શી! આવી માતાઓ અજ્ઞાનતામાં રાખે છે. તેના બાળકો દુબળાં અને તંદુરસ્ત હોવા છતાં કોઈને સમજાતું કે એમનું મન શુદ્ધ રહ્યું નથી! તેમની આંખમાં ખોરાક ભાવતો હોય છે અને ઓછામાંથી વધારે મળતી હોય છે તેમજ કામમાં મેળવવા માટે

હોય છે. ઘણી માતાઓએ બાળક અને આયાની બેદરકારી દૂર કરી સાવધાન રહેવું જોઈએ.

બે ઉપયોગી વાતો

બાળકને છાનું રાખવા અગર સુવાડવા માટે કેટલીક માતાઓ 'રે બાવો આવ્યો, એ બાઘો આવ્યો, હાઉ આ, લે બિલાડી આવી! તને ખાઈ જશે, છાનો રે.' એવી એવી ભયસૂચક વાતો કરી બાળકમાં બીકની લાગણી ઉત્પન્ન કરે છે. કેટલીક વળી બાળકને ભૂત રાક્ષસની આદત પાડે છે. એ પણ સારી ટેવ નથી. આવી આદતો પેટુ અને બીકણ બને છે. માતાએ બાળકને ડરપોક અને પામર ન બનાવતાં સર્વત્રની પ્રૌઢ શિક્ષણ દ્વારા બને તેવું નિર્ભય અને શૂરવીર બનાવવું જોઈએ.

કહ્યું છે કે

જનની જણ તો ભક્તજન, કાં દાતા, કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

કારણ કે બાળકના ધાવણમાં ભક્તિની શિક્ષા મળે માતા જ છે. આવી બાળકોમાં ધર્મ જે માતાએ આપ્યું નથી, તે કયા રાજ્યની કોઈ અને જે મનોવૃત્તિ કરી તેમાં જ કંઈ માબાપની કર્તવ્યની પવિત્રતાથી થઈ જતી નથી. તેની પ્રત્યેનો બોધ પ્રથમ તો બાળક જ આ ઉપરથી જ ઊભો થાય છે.

બાળશિક્ષણ

બાળક પાંચ કે સાત વર્ષનું થાય ત્યાં સુધી તેના શિક્ષણનો આધાર તેની માતા પર નિર્ભર હોય છે. આ કામ જો ઘણું આવશ્યક છે તેટલા જ સમયમાં પૂરેપૂરા સંસ્કારો પ્રેમપૂર્વક સ્થાપી શકાય. આ ઉંમરથી તે ઉંમર સુધી તો માતાપિતાએ બાળક પ્રતિ હરેક પળે સાવધ રહેવું જ જોઈએ, અને ત્યારપછી તે બાળકને યોગ્ય શિક્ષણના હાથમાં સોંપી દેવું ઘટે.

શિક્ષકોના હાથ તળે મૂક્યા છતાં પણ માબાપો દેખરેખ રાખવાની ફરજથી તો કદી છૂટી શકતાં જ નથી. પરંતુ શિક્ષણનો બોજો તેમના પરથી શિક્ષકોદ્વારા આ રીતે ઊતરી જાય છે.

શિક્ષકોનું કર્તવ્ય

શિક્ષક એટલે પગારદાર નહિ, ભાડૂતી માણસ નહિ, પણ આખા રાષ્ટ્રના નાગરિકોનો એ નિર્માતા પિતા છે. વિદ્યાર્થી પ્રત્યેનો તેનો પ્રેમ અને સહિષ્ણુતા માતા જેવા ઉદાર હોવા ઘટે.

શિક્ષકો પોતાના આ કર્તવ્યથી ચૂક્યા કે ત્યારથી તેઓ પતિત બન્યા છે. પ્રાચીન જમાનામાં વિદ્યા આપવાનું સર્વ કામ બ્રાહ્મણ વર્ગ જ કરતો હતો અને તેથી ગુરુપદનું ગૌરવ તથા સન્માન હતું.

આજે શિક્ષકોનું સ્થાન વિદ્યાર્થીઓના હૃદયમાં નથી. કારણ સ્પષ્ટ છે. શિક્ષકોની દૃષ્ટિ મુખ્યત્વે પૈસા તરફ રહી હોય છે. વળી પગારનું પદ અને ભણતરના ચૂકવા જ. સમાજ પણ એ જ દોષનો ભાગ બન્યો છે. નાગરિકોના સત્કાર કરતાં પૈસાનું મૂલ્ય વધુ આંકે છે એટલે શિક્ષણ આજે નિષ્પ્રાણ બની ગયું છે. અને જ્યાં [illegible]? ઉપાય બીજો નથી ત્યારે આવા જ પોતા શિક્ષકો બને છે. હવે, બધાં ? સાગ શિક્ષકો મેળવવા હોય તો તેમને પ્રતિષ્ઠા અને પોષણ આપવાં જોઈએ. શિક્ષણની પાછળની શિક્ષકની સાથે સાથે આદરની રીતે કરવી જોઈએ. આ કામ બરાબર ન કરી શકો ત્યારે શિક્ષણની સફળતા પણ [illegible] હોવી જોઈએ.

આવી કેળવણીમાં કેવળ અક્ષરજ્ઞાનનો જ સમાવેશ થતો નથી; પણ કે ઉદ્યોગ, વ્યાયામ, [illegible] અને માનસશાસ્ત્રનો પણ તેમાં સમાવેશ થાય છે. આવું શિક્ષણ આપનાર પવિત્ર [illegible] જ આપી શકે. શિક્ષકોમાં પવિત્ર ચારિત્ર અને સાથેસાથે તેમનામાં આત્મિક જ્ઞાન પણ ખૂબ હોવાં જ જોઈએ.

આપણા રાષ્ટ્રના ઘડવૈયાએ ગાંધીજીએ શિક્ષણના ક્ષેત્રમાં પણ ક્રાંતિ કરી. પ્રજાની કેળવણી અંગે આપણને પરિચિત કરી દીધા કે આજ સુધી શિક્ષણ અને જીવન બે જુદાં પડી ગયાં હતાં. હવે જીવનમાંથી જ શિક્ષણ એ આપણા સ્વીકારાયું છે. અને કામ કરતાં કરતાં શિક્ષણ લેવાતાં માણસ જીવન જીવતાં શીખે અને ઘડાય એવા પ્રયોગ થઈ રહ્યા છે. આ છે નઈ તાલીમનો આત્મા. આ શિક્ષણ જેટલું વહેલું આપણે અપનાવીશું તેટલે અંશે દેશના સમાજનો પાયો મજબૂત બનશે.

ઉપયોગી શિક્ષણ

આટલું ઉપયોગી જ્ઞાન તો બાળકોને અવશ્ય મળવું જોઈએ કે જેથી તે વ્યક્તિનો આદર્શ નાગરિક બને:

૧. માતૃભાષાનું ઊંડું અને રાષ્ટ્રભાષાનું પરિચયાત્મક જ્ઞાન.
૨. કૃષિ, વાણિજ્ય અને બીજા ઉદ્યોગો જેવા કે સુથારી, લુહારી, વણાટ, કુંભાર વગેરેમાંથી પોતાની પસંદગી પ્રમાણે તેમાંથી કોઈ એકનું વ્યવહારુ જ્ઞાન કે જે દ્વારા મનુષ્ય સ્વાવલંબી રીતે પોતાની આજીવિકા મેળવી શકે.
૩. દેશની પરિસ્થિતિ તથા તે પ્રત્યેની પોતાની ફરજ.
૪. રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સંબંધોનો પરિચય.
૫. પોતાના રાષ્ટ્રના રાજ્યતંત્રના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનું જ્ઞાન.
૬. દેશની અને વિશ્વની મહાન વિભૂતિઓનાં જીવનચરિત્રોનું જ્ઞાન.
૭. જગતના મુખ્ય મુખ્ય ધર્મો જેવા કે વૈદિક, જૈન, બૌદ્ધ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી અને યહૂદી વગેરેનું રહસ્ય, તેની ઉત્પત્તિ તથા તેના પ્રચારકોના જીવનનું સામાન્ય જ્ઞાન.
૮. સાહિત્ય, કલા, વિજ્ઞાન અને સંગીતનું જ્ઞાન.

કળા કઈ ?

આજે કળાની જે વ્યાખ્યા સમાજમાં પ્રચલિત છે તે કળા નથી પણ કળાનું એક વિકૃત સ્વરૂપ છે. જે કળાદ્વારા સાચી રસવૃત્તિ જાગૃત થાય અને તેનો વેગ વિકાસ પ્રતિ વળે તે જ (કળા) સાચી કળા છે. આવી રસવૃત્તિ કાર્યમાં ઉત્પન્ન થઈ શકે. પરંતુ જ્યારે અમુક જ કાર્યમાં રસવૃત્તિ ઉત્પન્ન થાય ત્યારે સમજવું જોઈએ કે તે રસવૃત્તિ નથી પણ રાગવૃત્તિ છે અને તે કળા પણ આવી રાગવૃત્તિથી વિકૃત થઈ જાય છે.

દાખલા તરીકે સંગીત એ કળા છે, વાદ્યવાદન એ કળા છે, પરંતુ જ્યારે તે દ્વારા પાપમાં અને આવી શૃંગારિક વૃત્તિ ઉત્પન્ન કરવામાં યોજાય છે ત્યારે તે કળા મટી જઈ વિકૃત થાય છે અને વિકાસને બદલે પતન પણ કરે છે. સંગીતની જેમ [illegible] બધા પ્રયોગોમાં સમજવું.

કળા અને સાથે ત્યાં મનનું [illegible] માણસને બોલ ઉત્પન્ન કરે છે. માટે અનુભવાથી આપણે તે વિચારશક્તિ ખીલવી છે અને સંસ્કૃતિ-સુધારમાં પણ તે ધ્યાન રાખવાથી થતું નથી. તેથી ચિત્રનું શિલ્પ સુંદરતા અને પુનર્ઘટનાની આજે અનિવાર્ય આવશ્યકતા છે. તે માટે પ્રત્યેક [illegible] કરી છૂટવું ઘટે અને સંસ્કારોનું [illegible] ધ્યાન ખેંચવું ઘટે.

સ્વતંત્ર આત્મા વડે આ દિશામાં આપણી પ્રગતિ થવી જોઈએ અને આપણી કળા પશ્ચિમના અનુકરણરૂપ નહિ પણ ભારતીય સંસ્કૃતિના રૂપમાં આવી જોઈએ.

બાળક અને બાલિકાઓની શિક્ષણ-દિશા

સ્ત્રી અને પુરુષના શરીર બંધારણમાં જેટલો કુદરતી ફેરફાર છે

તેટલું જ તેમની પ્રકૃતિમાં પણ પરાવર્તન હોય છે. સ્ત્રીઓમાં પુરુષ કરતાં પ્રેમ, સરળતા, સહિષ્ણુતા અને સેવા ઇત્યાદિ ગુણ વિશેષ રૂપે હોય છે. આવા ગુણપરાવર્તનને અંગે જ સમાજના વ્યવસ્થાપકોએ બન્નેને પરસ્પર સ્વતંત્ર અને સમાન હોવા છતાં ભિન્નભિન્ન કર્મોમાં તેમની પૃથક્પૃથક્ યોજના કરી છે અને તેથી તેઓના શિક્ષણમાં પણ ભિન્નભિન્ન વિભાગો હોવી જોઈએ એમ લાગે જ. જો પ્રત્યેક અધિકાર પ્રમાણ રીતે વ્યવસ્થાનો હોય છે તેથી પ્રાથમિક જ્ઞાન બન્નેને સમાન આપવું તે ઉચિત છે અને તેથી નાની વય સુધી તેઓનું સહશિક્ષણ હોય તે સ્વાભાવિક છે.

પરંતુ આજે સમાજમાં એક મોટો પ્રશ્ન અનેક રીતે ઊભો રહ્યો છે તે એ કોલેજના સહશિક્ષણનો. પુખ્ત વયનાં કુમારકુમારી-ઓનું અમર્યાદિત સાથે રહેવું એ નૈતિક દૃષ્ટિએ હાનિકારક છે, એ વસ્તુને બાજુ પર મૂકીએ તોપણ એટલું તો જરૂર સ્વીકારવું જોઈએ કે તેનું શિક્ષણ સ્ત્રીજાતિની ઉપયોગિતામાં પણ આવશ્યક નથી. એટલે તે દૃષ્ટિએ પણ તે વસ્તુ વિવાદાસ્પદ છે.

પરિણામ

કોલેજનું શિક્ષણ લીધા પછી કદાચ તે બહુ આગળ વધીને ડિપ્લોમા ... બી. એ. કે એમ. એ. બને, પરંતુ આખરે તેને પ્રભુ નિયમિત તો લગ્ન જ પામે, અને ત્યારે તેનું કાર્યક્ષેત્ર સ્વાભાવિક રીતે જ ઘરની અંદર માનો કે તે પોતાનું કાર્યક્ષેત્ર પુરુષની માફક નોકરી ઇતરમાં રાખી શકશે તોપણ નારીજીવનને અંગે શીખવા આ શિક્ષણા શિક્ષણથી તેનું કાર્ય સંપૂર્ણ રીતે સરી શકે નહિ. પતિપ્રેમ, બાળપાલન ઇત્યાદિ કર્મો તો નારીજીવનને માટે અનિવાર્ય રહેવાનાં જ.

અત્ર દેશની પદ્ધતિ, રીતરિવાજ, વાતાવરણ અને એ બધી પરિસ્થિતિને અંગે જોઈએ તો આવું શિક્ષણ સ્ત્રીઓને માટે ઉપયોગી

છે. જેમ કે રશિયામાં આજે પ્રજા ઉત્પન્ન થયા પછી તેના પાલનનું કાર્ય માતાપિતા પર રહેતું નથી. એ બાળપણથી માંડીને મોટી ઉમ્મર—સ્વાવલંબી ન બને ત્યાં સુધી તેનો બધો ભાર ત્યાંની સરકાર માથે લે છે અને બધી વ્યવસ્થા કરી આપે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિ અને મનુષ્યના સહજ વિકાસની નજરે તે બંધબેસતું પણ નથી.

ભારતમાં ચારિત્ર એ જ જીવન છે. પ્રેમ, સ્નેહ અને ત્યાગ એ જીવનપાલનના રસિક ફળો છે. આવા રસોના આસ્વાદનમાં ભારતીય સ્ત્રીઓ પોતાનું સદ્ભાગ્ય સમજે છે.

ઘડીભર માની લો કે આજનો સમાજ પુનર્રચના પામે અને સ્ત્રી અને પુરુષો બન્નેને એક જ કાર્યપરત્વે મેળવવાનું થાય તોપણ આવો સુશિક્ષિત વર્ગ તો અપવાદરૂપે જ નીકળવાનો. અને તે માર્ગમાં પણ મનુષ્યહૃદયની મહત્ત્વાકાંક્ષા ? વસ્તુના શોષણ પાછળ ગયે છે તે તેમાંથી મળે છે કે કેમ એ એક ગંભીર અને ચિંતનીય વસ્તુ છે.

અહીં એ વસ્તુ ખાસ યાદ રાખવી જોઈએ કે પુરુષના કરતાં સ્ત્રીનો દરજ્જો અને અધિકાર ઘટાવે એમ નથી. અને તેથી પુરુષની જેમ સ્ત્રીને પણ કેળવણી પ્રાપ્ત કરવાનો પૂર્ણ અધિકાર છે.

પરંતુ સંકડે નવ્વાણું ટકા સ્ત્રીઓને માતૃપદ ભોગવવાનું હોય છે તેથી તે પદને ઉપયોગી જ્ઞાન તો તેને મળવું જ જોઈએ. તે ઉપરાંત સ્વરાજ બન્યા પછીના સામાજિક ઉત્થાનમાં સ્ત્રીઓએ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. આર્થિક સ્વાધીનતાને કારણે ? બધાં ક્ષેત્રોમાં સ્ત્રીઓને પ્રવેશની જરૂર પણ છે. તેમાંથી તેમનું ઉત્થાન કરી સમાજને ઊંચે લાવવાનો છે.

નારીજીવનને ઉપયોગી કળા

અક્ષરજ્ઞાન, ગણિત વગેરે જ્ઞાન ઉપરાંત સ્ત્રીજીવનમાં કેટલીક કળાઓની આવશ્યકતા છે. હુન્નરનો સમાવેશ પણ કળામાં થઈ

હો કે આજે નાતમાં આગળપડતા મનાતા શિક્ષક તરફ એવો બેદરકાર રહે છે તેથી જ દુઃખમય પરિણામ તેને પાછળથી ભોગવવું પડે છે, તે પ્રમાણે અનુભવ છે સ્ત્રીજનના આજના દુઃખ પરત્વેનું મૂળ કારણ પણ આ જ છે.

કેટલાક માબાપ એમ કહે છે કે બાળાને ક્યાં નોકરી કરવા જવું છે કે શિક્ષણની તેને જરૂર હોય! એમ માની અજ્ઞાનતાથી પણ તેને વંચિત રાખે છે. આ માન્યતા સ્ત્રીજનના વિકાસમાં મહાન રોધ કરે છે તેમ સમજી તેને ઉપયોગી દરેક કળા અર્થાત્ હેતુમાં રહીને તેને જરૂર શીખવવી ઘટે.

ગૃહસ્થાશ્રમના દૃષ્ટિબિંદુએ અગત્યતાન ધરાવતા પાકશાસ્ત્રની કળા આરોગ્યને ઉપયોગી વૈદું, શિવણ, ગૂંથણ અને ભરતની કળા તથા ગૃહઉદ્યોગ, જેવા કે ટાંકું, રેંટિયો, કાંતવો વગેરે તેમને સાથે સાથે કોઈ આચાર્ય એવી રીતે આવા શિક્ષણની તાલીમ આપી પછી તેવી શિક્ષિકાઓ ઉત્પન્ન કરી બાળાની પૂર્ણ અવસ્થામાં જે બાળાઓના જીવન પર વિશિષ્ટ સ્થાનીય હોવાથી સંસ્કૃતિ અને શિક્ષણ અને તેમની ઊંડી સમજ સારી રીતે પડે છે આથી એક સામાન્ય વર્ગના કુટુંબ પાલન હોઈએથી અથવા રૂપિયા એટલું કમાવું અર્થ માટે જ તે અર્થી તન અને કમાવાનું અર્થ નીકળી ગયા પછી પેટપૂરતું અન્ન તો આવ જ ભલે આવે.

આથી તે ગૃહસ્થાશ્રમને દુઃખમય બનાવી દો એટલું જ નહિ, પણ કે નારી પતિને વૈમનસ્યપણામાં જે દુઃખ ભોગવવું પડે છે તે દુઃખનો પણ આવી રીતે સ્વાભાવિક જ પરિહાર કરી શકો.

સ્ત્રીજીવનના સુખસાધનોમાં પુરુષ કરતાં વધુ પ્રમાણમાં સ્ત્રીઓ માટે પોતાના પતિને રંજન કરવા ઘણું ભીડ ભોગવે. એવી કે સહચારિણી આવશ્યકતા હોય છે ખરી, પરંતુ તેમનું સ્થાન તેના

મેળ પૂરતું મર્યાદિત હોવું ઘટે. આ કળાના વિકાસ માટે જ ગરબા, રાસ વગેરે પદ્ધતિઓ સમાજમાં ચાલુ હતી.

પરંતુ અતિ આધુનિક અને મર્યાદાવિહીન સ્ત્રીઓ સહ અન્ય પુરુષોની સાથે જાહેરમાં નાટ્યાદિ પ્રયોગો કરવા તે કદાચ પાશ્ચાત્ય સભ્યતાને અનુરૂપ ભલે હોય પરંતુ ભારતીય સંસ્કૃતિ માટે તે બંધબેસતું થઈ શકે તેમ નથી. અને તેમ કરવામાં કળા પણ નથી.

સારાંશ કે કળાપ્રેમીઓએ કળાની સંસ્કૃતિ તરફ પણ લક્ષ રાખી તેનો વિકાસ કરવો જોઈએ.

સંસ્કારિતા

બાળકોનો શિક્ષણવિભાગ ભલે ને શિક્ષકો ઉપાડી લે છે પરંતુ તેમ છતાં બાળક યથાર્થ શિક્ષણ લે છે કે કેમ તથા તે શિક્ષણની બાળકના જીવન પર કેવી અને કયા પ્રકારની અસર થાય છે તે તપાસવાનું કામ તો માબાપોનું જ રહે છે. દિવસના [illegible] થી આઠ કલાક જ બાળક નિશાળમાં હોય છે ત્યાં તેને વિવિધ વિષયનું જ્ઞાન આપાય છે પણ દિવસનો મોટો ભાગ તો તે ઘેર જ હોય છે ત્યાં જ તેનું ચણતર પાકું થાય છે; સાચું ચારિત્ર ઘડાય છે.

નાનાં બાળકો જેમની સાથે રમતાં-ખેલતાં હોય છે તે બાળકોનાં માબાપોમાં આસ્તિક્ય જરૂર હોવી જોઈએ. કારણ કે માબાપોનાં જે સંતાન હોય છે તેમનામાં સંસ્કારગત કુટેવો ઘણી પડી ગયેલી હોય છે. આવા સંસર્ગથી સાથે રમતાં સારાં બાળકો પણ ખરાબ થઈ જાય છે અને તેમનામાં કેટલીક કુટેવો એવી દૃઢ પાકી બેસે છે કે જે શરીર અને મન પર ભારે અસર કરે છે અને પછી જિંદગી સુધી તે કુટેવ છૂટી શકતી નથી.

કેટલીક બીડીઓ પીવી, પરસ્પર ગાળાગાળી કરવી, ચારિત્ર્યહીન ખોટી ખોટી અશ્લીલ ચેષ્ટાઓ કરવી, આ બધું

બાળકસ્મૃતિનાં કેન્દ્રમાં નાનાં બનાં મકાન કરી છે. તેના સંસર્ગથી માબાપોએ બાળકોને દૂર રાખી તેના સુધારકાર વગર સાવચેત રહેવું જોઈએ.

કેટલાંક માબાપો બાળક જરા મોટું એટલે તેને મારવા માંડે છે. કેટલાંક માતા બાળકોને નચાવી, નમાઈ બાપના જઈ ધમકાવી નાખે છે. તે પણ ખોટી ટેવ છે. કેટલીક માતાઓ પોતે ઘર પર કોઈ સગાંની ગુસ્સે થાય છે તો પોતાનો ગુસ્સો બાળકોને મારીને ઉતારે છે. આ બધી માબાપની પોતાની જ ભૂલો છે. બાળકોને ક્ષમા આપવી અને તેના છબનામાં પડવા ન આવે તેની ગોઠવણી કરવી એ માબાપોની ફરજ છે. પણ બાળકોને મારવાથી ન કંઈ સુધરતું નથી. ઊલટું બાળક ઢીઠું થઈ જાય છે અને એની બુદ્ધિ અને સહજ વિકાસ રૂંધાય છે.

સાચું ધન

બાળકોને ધર્મશિક્ષણ અને શિક્ષણ આપવું એ જ સાચું ધન છે. તે ધનને કોઈ છીનવી શકતું નથી. જે માબાપો આવા સાચા ધન વડે બાળકને શણગારે છે અને તેના સારા ભાવિનો પાયો નાખે છે, તે ખરેખર ધન્ય છે.

ધનના સંચયથી બાળકો સુખી થાય છે તે માન્યતા કેવળ ભ્રમણા છે. વધારે ધન હોય છે તો વૈભવવિલાસ, મૂર્ખતા અને મદ આવે છે. જે દુર્ગુણોથી ભરેલું ધન આવે છે અને સંતાનો દુઃખી થાય છે. કેવા ખરાબ માર્ગે જઈ બુદ્ધિ અને શરીર બન્ને બગાડે છે.

જે ગરીબ ધનસંપત્તિ ઉત્પન્ન થતાં અનેક પાપ ઝઘડા અને બીમારીઓનો અંત આવી જશે અને સાચું ધન ધરાવનારાં સંતાનોમાં બાળકોને પણ સંપન્ન બનાવે. આ સાચું નિર્વિકાર ધન છે.

આ જે એવાં ઘણાં દાખલા મળશે કે જેમાં માબાપો ધનનો વારસો મૂકી ગયાં છે, તેમની સંતતિ દુઃખ અને બેકારીની ખાઈમાં એવી આવી માબાપો પર અભિશાપ વરસાવી રહી છે અને એવાં પણ ઘણાં દાખલા છે કે જેમનાં માબાપો સ્થૂળ ધન નહિ પણ સદ્ગુણો અને શિક્ષણનો વારસો મૂકી ગયાં છે તે સંસ્કાર અને સંપત્તિથી સદાચાર અને સુખમાં ઝૂલી રહી છે માટે માબાપોએ તથા ધનસ્થાને ઉત્તમ શિક્ષણ અને સચ્ચરિતાનો પોતાનાં પ્રત્યેક બાળકોમાં વારસો ભરવો એ જ ઉચિત છે અને એ જ તેમની પવિત્ર ફરજ છે

વ્યાયામ

શરીરને તંદુરસ્ત રાખવા માટે કંઈ ભારે ભારે ખોરાકોની આવશ્યકતા રહેતી નથી પણ આ વાતને નહિ સમજનાર ઘણાં માબાપો પોતાના બાળકને ન પચી શકે તેવા અધિક ખાદ્યો ખવડાવી પુષ્ટ બનાવવા માગે છે અને એ રીતે બાળકો પ્રત્યેના પોતાના પ્રેમને વ્યક્ત કરે છે તે ગંભીર ભૂલ છે તેમણે પોતાનાં બાળકોને તંદુરસ્ત રાખવા માટે સાદું ખાણું અને સાત્વિક ખોરાક આપવો ઘટે, અને સાથે સાથે વ્યાયામની તાલીમ પણ આપવી જોઈએ

જ્યાં સુધી બાળક નાનું હોય ત્યાં સુધી તો તેને દોડવાનું કૂદવાનું વગેરે આનંદની નાની નાની રમતોથી વ્યાયામ મળી રહે છે પરંતુ જેમ જેમ મોટું થાય તેમ તેમ તેને સારી વ્યાયામશાળાઓમાં ઉપયોગી કસરતો શીખવાની તાલીમ આપવી જોઈએ. આવી તાલીમ આપવાથી વગર ઔષધિ અને વગર અધિક આહારે તેનું સ્વાસ્થ્ય સુંદર રહે છે અને તેની માનસિક શક્તિ પણ વિકસિત થાય છે

બાલિકાઓને તો ઘરમાં જ ઉપયોગી કસરત કરાવવી જોઈએ જેથી તેમના શરીરસ્વાસ્થ્યની સાથે તેમને ગૃહકાર્યોનું જ્ઞાન મળે અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ થાય.

હિંદુસ્થાન હવે સ્વતંત્ર થયુ છે પોતાના નૈતિક ધોરણથી એને ઊંચે આવવુ છે હજુ પણ દુનિયાના કેટલા વૈજ્ઞાનિક વિકાસ ક્ષેત્રોમાં હોય અને હરિફાઈમાં ટકી શકવાનુ છે એને વખતે ભારતનું રક્ષણ કરવાની જવાબદારી—એની સામે ટકી રહેવા જેટલી તાકાત નહી આવી શકે. તેથી દેશનાં પ્રત્યેક યુવકયુવતીને આપણી તાલીમ ઉપરાંત પૂર્વકાળની જેમ લશ્કરી તાલીમ આપવી આવશ્યક છે

આ શિક્ષણ અને વ્યાયામ ઉપરાંત બાલિકાઓને ખાસ કરીને ઉચ્ચ પ્રકારના સંસ્કારોનુ શિક્ષણ પણ વિશેષ આપવુ જોઈએ કારણ કે પુરુષ જીવન પુરુષાર્થિ હોવાથી સદા સ્વતંત્ર રહે છે, પણ નારીઓને તો નિયમિત વય પછી પતિગૃહે જ જવાનુ હોય છે ત્યાં તે સહિષ્ણુ ઉદાર અને સુંદર જીવન ગાળી શકે તો જ તેનો ગૃહસ્થાશ્રમ આદર્શ બની શકે

આ રીતે બાળક અને બાલિકાઓને તે તે ભાગમાં ઉપયોગી શિક્ષણ અને સંસ્કાર આપ્યા પછી યોગ્ય વય થયે, તેમને યોગ્ય સ્થાન જોઈ તેમની સંમતિ મેળવી ગૃહસ્થાશ્રમમાં જોડી આપવાં, એ માતા-પિતાની ફરજ છે એ ફરજના પાલનથી આર્યભાવનાનું પણ [illegible] બરાબર જળવાઈ રહે છે

કેટલાક માબાપો બાળક અને બાળા પ્રત્યે અસમાન ભાવનાઓ રાખતા હોય છે તેમને ઘેર જ્યારે પુત્ર અવતરે છે ત્યારે તે ઉત્સવ ઊજવે છે પણ જ્યારે પુત્રી અવતરે છે ત્યારે જાણે મહાન કોઈ ગુન્હો ન થયો હોય તેવી દુઃખદ સ્થિતિ અનુભવે છે આ એક ભારતવર્ષની [illegible] સૌથી [illegible] છે આવી ભેદભાવના એ ભારતીય સંસ્કૃતિ માટે મહાન કલંકરૂપ છે તેની રીતિ ઉત્પન્ન થવાનું મૂળ કારણ તો પુત્ર કમાઈ લાવે અને પુત્રીને તો આપવું પડે, પુત્ર તો વંશ વધારે જ્યારે પુત્રી તો સાસરાને ઘેર ચાલી જાય! આવી આવી સ્વાર્થી રીતિ જ છે આવી મનોદશા પાશ્ચાત્યોથી પણ નિકૃષ્ટ ગણા-

ઉપસંહાર

पञ्चविंशे ततो वर्षे पुमान्नारी तु षोडशे ।
समत्वागतवीर्यौ तौ जानीयात् कुशलो भिषक् ॥
"सुश्रुत वैद्यक"

પચીસમા વર્ષે પુરુષ અને સોળમા વર્ષે સ્ત્રી સમાનવીર્ય થાય છે એમ કુશળ વૈદ્યે જાણવું.

ધાર્મિક આજ્ઞા પણ એ છે કે લગ્નેચ્છુ સંતાનો હોય તો ૨૫ વર્ષનો પુત્ર અને ૧૬ વર્ષની પુત્રી થયા પછી જ તેના લગ્નસંબંધ જોડી આપવા. આથી વધુ વય હોય તો ચાલી શકે, પણ અલ્પ વય તો નહિ જ. કારણ કે તેટલી પરિપક્વ વય થયા પછી જ ગૃહસ્થાશ્રમને વહન કરવાની શક્તિ તેમનામાં આવે છે અને પરસ્પરના હિતાહિતને પણ ત્યારે જ તપાસી શકે છે. પરંતુ આજે આ પ્રણાલિકાનો ઘણા સમાજમાં ભંગ થતો જોવામાં આવે છે.

આજની પરિસ્થિતિમાં સંતતિનિયમન અત્યંત જરૂરી છે. તેથી લગ્નની વય સારી રીતે વધારીને વીસ કરવામાં આવે તો તેથી સ્ત્રીઓના વિકાસમાં પણ ઉપકાર થાય અને ઘણી ભાવિ મુશ્કેલીઓ ટળી જાય.

ઉચ્ચ ભણેલાં એવાં ઘણાં કુટુંબોમાં એવી ખાસિયત હોય છે કે તેઓ નાનપણથી જ બાળકોના અજ્ઞાનપણામાં તેમનાં વેવિશાળ કરી દે છે અને કેટલાક સ્થળે તો અજ્ઞાન દશામાં લગ્ન પણ કરી નાખે છે.

નાની ઉંમરનાં લગ્નોથી દેખીતી રીતે નીચે પ્રમાણે નુકસાન થાય છે. (૧) પતિ અને પત્નીની વચ્ચે જે વયનું અંતર રહેવું જોઈએ તે રહેતું નથી. તેને પરિણામે ક્લેશ થાય છે. આવાં લગ્નોની સંતતિ અલ્પાયુ અને નિર્બળ નીપજે છે. (૨) વયની અસમાનતાથી પ્રકૃતિનો મેળ આવતો નથી. (૩) અજ્ઞાન દશામાં જોડાયેલાં લગ્નને અંગે દાંપત્યજીવનનો પ્રવાહ મીઠાશમાં વહેતો નથી. (૪) આવી બાબતમાં જ વૈધવ્યની સંભાવના પણ વધુ મોટી રહે છે.

માટે પિયર જવાની જરૂર આવે અને માતા ગર્ભમાં ત્યાંથી બાળ લે એમ પુત્રની જ્યારે માતાની હોય છે અને પિતા એમ માને છે કે પુત્રને એટલો જલદી પરણાવું તેટલો જલદી જલદી છૂટો થાઉં. માટે પરણાવીને બદલો લઈ લઈએ.

માબાપની આવી મનોદશા બાળલગ્નાદિનું કારણ છે અને તે પુત્રપુત્રીના શક્તિ જીવનની ભારે ઘાતક છે તેથી તેવી માન્યતાનો ત્યાગ કરવો ઘટે.

અનનુમેળ લગ્ન

કેટલાંક માબાપો આતવાન (કુલીન) મુરતિયો મળે તો નાની ઉમ્મરમાં પોતાની પુત્રીનાં લગ્ન કરી નાખે છે, એટલું જ નહિ પણ કેટલીક વાર તો આ ભ્રાન્તિને વશ થઈ પોતાની પુત્રી કરતાં નાની ઉમ્મરના બાળક સાથે વિવાહસંબંધ જોડી દે છે. આ પણ એક જાતનું અનનુમેળ લગ્ન જ છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે નીતિકારોએ જે ૭ / ૮ વર્ષનું અંતર રાખ્યું છે તે શરીરશાસ્ત્રને અનુસરીને જ નક્કી કરવામાં આવ્યું હોય છે.

પરંતુ તેને ઠોકરે મારી જેઓ આવાં અનનુમેળ લગ્ન કરી નાખે છે અને તેમને કેટલી ? હાનિ થાય છે તે આશ્ચર્ય છે.

કન્યાવિક્રય

એક દીકરી ને બીજી ગાય જ્યાં દોરે ત્યાં જાય." તેની મજબૂતાનો દુરુપયોગ કરી કેટલાંક માબાપો પોતાની કન્યાનું ધન કરતી તેથી ધન મેળવે છે. આ એક કલંકના જેવું છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

ગૃહ્ણન્ શુલ્કં હિ લોભેન સ્યાન્ નરોઽપત્યવિક્રયી ।—મનુસ્મૃતિ

જે પુરુષ કન્યાનું થોડું પણ ધન લે છે તે પોતાની કન્યાનો વ્યાપાર કરનાર અધમ ગણાય છે.

જે પોતાની સંતતિને ઉત્પન્ન કરી વેચે છે તે પિતા કે માતા મનુષ્ય નથી, પશુ નથી, પણ તેનાથીયે અધમ છે. આવાં માબાપોમાં પોતાની સંતતિ પ્રત્યે વાત્સલ્યનું એક બિંદુ પણ ક્યાંથી હોઈ શકે ! પોતાનો માલ સરસ અને સુંદર બને તે સારુ તે પોતાની પુત્રીને ઉછેરે છે અને પોતે જ્યારે માલ પાકીને તૈયાર થઈ જાય ત્યારે કોઈ માલદાર શોધી તેને વેચી નાખે છે. માલધારીઓ બીજાં પશુઓ પ્રત્યે ભલે નિર્દય હોય પરંતુ પોતાના હાથ નીચે ઉછરેલાં પશુઓ પર તો તે પણ પ્રેમાળ વૃત્તિ રાખે છે. જ્યારે અહિંસક અને સભ્ય ગણાતા જે કુટુંબોમાં આ પ્રથા છે તે તો ખરેખર નિર્દયતાની પરાકાષ્ઠા જ ગણાય.

(૨) મુખ્ય વાતને રોટલા ઉપર થી ભગવાનું પાછું. પણ એની બાબતોમાં ખાસ વગેરેનો વિચાર નૈતિક ગ્રામસંગઠનોએ અનિવાર્ય કરવાનો રહેશે. પોતે ખાન તો આમાં ક્રાન્તિવાહકોએ ધીરજ રાખવી જોઈશે. સંસ્થાઓએ અને સરકારે ભલાને આરોગ્ય શિક્ષણ સંબંધની બાબતના જે સામાન્ય પ્રબંધ થશે તેથી સંતોષ માનવાનો રહેશે. ન કે રોટલા પૂરતી જમીન ઉપરાંત પૂરક ગ્રામોદ્યોગ કે સામાન્ય મજૂરીની રોજી ખેડૂતોને ખાસ જરૂરી નથી પડે. પણ આજે તો બેવડા મજૂરોની જે એમના હસ્તક ખૂબ રહેલાં છે, તે ઉતારવા જોઈ દરવું અને કે લોકોને સર્વ કરવું પડશે. તેમ જ ગામના કુટિરઉદ્યોગો તથા મજૂરો માટે આમાં ઘણાં સાધનોમાં પણ ફેરફાર કરવું રહેશે.

(૩) ગ્રામસંગઠન કુટિરઉદ્યોગો આ અહિંસક ધર્મક્રાન્તિમાં સૌથી અગત્યનાં સાધનો છે. ખેડૂતો અને આ પૂરક ધંધા કર

એમને તેમનું ભાગ્ય મળવાથી જ તે રહીને આગળ વધવાનાં છે ત્યાંથી ત્યાં કાર્યકરોના વેતનમાં ખેડૂતોએ ઉદારવૃત્તિએ જોવું પડશે. તેમને સુપેરે કાર્ય કરવા પ્રતિષ્ઠિતના પરિચયો ખૂબ પ્રયાસ કરશે, પણ તેમણે નૈતિક સંગઠનોની સહકારી પ્રવૃત્તિ, ખાદી પદ્ધતિ, શુદ્ધિપ્રયોગો અને શાંતિસેનાના કાર્યક્રમો હિંમતભેર પાર પાડી આગળ ને આગળ ધપવે જવાનું છે. તેમના સાથી સંગઠનો—જેવાં કે ગોપાલક સંગઠન, ગ્રામોદ્યોગ મજૂર સંગઠન—મહાજન ખૂબ કરતાં હોય તોયે પ્રાયોગિક સંસ્થાના નૈતિક આધ્યાત્મિક ઉપયોગથી તેમની મુશ્કેલી ઘટવાની શક્યતા વધવાની છે. આ બધામાં તેમના મુખ્ય સાધનરૂપ કાર્યકરો છે. એટલે તેમને પ્રતિષ્ઠા અને પૂરું વેતન આપવા આપવામાં સતત કાળજી રાખવાની છે. એટલું જો આમાં નિયમ થશે તો તેની ગામડાંની, દેશની, વિશ્વની અને સદ્ધર્મની સૌ સેવા થવાની છે. તે સિવાય ભગવાન અને મહા ખેડૂતને પણ જોવાનું હોય નહીં.

(૯) જો કે આવાં સંગઠનોમાં કામ કરવા આવનારા કાર્યકરો ખૂબ સાવધાન રહેશે જ. એટલે સંસ્થાઓ કે વ્યક્તિગત ખેડૂતો તેમને ઘેર વેતન આપે હોય તેમ અને જ્યારે જરૂરિયાત પડશે ત્યારે તેમને તે એ વેતનના બદલો ભાગ પરત કરી દેશે. કારણ કે તે સંન્નિષ્ઠ મુખ્ય વાહન આરંભ કરે છે, ગ્રામોદ્યોગ મજૂર સંગઠનના સભ્યોનું ધનનિરૂપણ ખૂબ નીચું છે તો આપણે પણ થોડું પણ ખાનપાન કે પોતામાં કંઈ ન વધીએ? એમ તેઓ સમજવાના જ. પરંતુ તેઓનાં ખાનપાન તથા જે સમાજમાંથી તેમનાં પત્ની, માબાપ, વડીલો આવે છે તેમની ઓછામાં ઓછી સામાજિક જરૂરિયાતો એક ખેડૂત કુટુંબ કરતાં પણ રહેવાની. તેમનાં બાળકોના શિક્ષણનો પણ પ્રશ્ન રહેવાનો. સરવાળે આ બધી બાબત કે બિમારીના વેળાએ તેમનાં જન્મ, લગ્ન, મરણની ખરચ, વારસાઈ વગેરે પ્રશ્નો ન હોય ત્યાંસુધી

એ બધું તેમણે અનિયંત્રિત વિચારવાનું હોઈને પણ તેમની અનુવિધાએ સચિત રહેવાની. તેઓએ આજનું શિક્ષણ શિક્ષણયોગ્યતા કે આવડતું જોવાના વગેરે મેળવવામાં આજ પૂર્વે જે ખર્ચ કર્યો હોય, અધિક ખર્ચ્યું હોય તે બધી બાબતો પણ ધ્યાનમાં લેવી જરૂરી થઈ પડે છે. આ બધું જોતાં તેમનું વેતન બરાબરી બેહુદ કુંજીની બરાબરી આવક કરવા લાયકાથી નથી નહી અને મજૂર કુંજીની બરાબરી આવકના ધારણાથી નથી નહીં તે કારણ રાખવી જોઈએ. આજની મોંઘવારી વગેરે જોતાં મધ્યમ વર્ગના કાર્યકર્તાઓના કુટુંબ માટે પચાસથી પોણોસો લગી માસિક વેતન યોગ્ય ગણાય. જ્યારે બેહુદ કુટુંબના કાર્યકરો માટે ત્રીસથી પચાસ લગી માસિક વેતન યોગ્ય ગણાય. યોગ્યતાના વિશેષ પ્રમાણે એમાં વધઘટ સંસ્થાઓ કરી શકે. ખુદ કાર્યકરો પણ તેમ કરી શકે. સાથોસાથ આવા બધાય કાર્યકરોનું ભવિષ્ય વિચારવા માટે સંસ્થાઓએ પોતાની પ્રાથમિક મહેનત કરી છૂટવા તૈયાર રહેવું જોઈએ. તે ચિત્ત બધું કરવાની જરૂર ન હોય. આજીવિકા આપવામાં વિચાર ન જ થઈ શકે તેવું પણ નથી. આ તો આજના સંયોગમાં કાંઈક માર્ગદર્શક બને, તે પૂરતું લખ્યું છે. સંસ્થાઓને કરો બાબતોમાં વિચાર કરવાની છૂટ હોય જ. કોઈ કાર્યકર [illegible] મિત્રો, પૂર્વના સમયનો, બીજા જ્ઞાતિની આવકો કરીને કે બચાવેલી મિલકતમાંથી આવી પણ વધુ મેળવી શકે તેમ હોય ત્યાંય તેવી રકમો તેમણે લેવી ન જોઈએ. આવા સંસ્થાઓની મજૂરીથી જેમને પૂરતું હોય, તેમને માટે તે આપી દેવી જોઈએ. આ બાબતમાં સંસ્થાનો આવડત તેમના મુખ્ય હોદ્દેદારોને બધું રહેવી જરૂરી છે જ.

(૪) આવી સંસ્થાઓ હેઠ અને દુનિયા પાસેથી સર્વ પ્રકારનો સહયોગ મેળવવાની અધિકારિણી છે પણ એમને હાથ પસારો ન પડે. તેને માટે જે સહકારી પ્રવૃત્તિઓથી તે પ્રવૃત્તિમાત્ર સાથે પોતાનો

ગામનાં ? કામો આપે તેમાં સહકારી અમલદારોએ અને સરકારે પૂરેપૂરો સહયોગ આપવો જોઈએ. આ યુગે આવી સંસ્થાઓને જો પોષણ નહીં મળે અને આર્થિક રીતે તેમને સતત મૂંઝવણમાં મુકાવાનું થશે તો પછી સત્ય અહિંસા જેવા સિદ્ધાંતો દ્વારા વિશ્વશાંતિની વાતો કરવામાં રહી જશે.

ગૃહસ્થાશ્રમીઓ માટે સેવાક્ષેત્રનો વિચાર કરવામાં આ નવી પાત્રોને વિચાર્યા વિના નહીં ચાલે. તેવા આવી વાતોને સહેજે ધ્યાન આપવું જોઈએ.

૧

આધ્યાત્મિક ધર્મ

વિકાસ એ પ્રાણીમાત્રનું ધ્યેય છે. ખાસ મનુષ્યજીવન માટે સાધનોની અનુકૂળતા હોવાથી એ ધ્યેય શક્ય અને સ્વાભાવિક હોય છે. તેથી એ વગર જીવન માટે હોવું નથી.

ધર્મ એ વિકાસનું અંગ છે. આત્માને ધ્યાનથી જ્યારે તેની ક્રિયાને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ આધ્યાત્મિક કોટિથી ક્ષેત્રોનાં જેવાં ભિન્નભિન્ન સ્વરૂપમાં હોય છે અને તે તે સ્વરૂપમાં ધર્મને નીતિ, કર્તવ્ય, પરોપકારધર્મ, સમાજધર્મ, ગ્રામધર્મ કે રાષ્ટ્રધર્મ ઇત્યાદિ શબ્દોથી ઓળખવામાં આવે.

આત્મજ્ઞાનથી માંડીને મુક્તિ સુધી એક ભક્તિ સૂત્ર જીવનમાં રહીને ઈશ્વરના ધર્મો જેમ જાણવી હો એ બધી વાતો આપણાં શાસ્ત્રોમાં ખૂબ વિસ્તારથી કહી છે. અહીં આધ્યાત્મિક ધર્મને લગતી વિચારણા કરવાની છે.

આધ્યાત્મિક ધર્મને આપણે જીવન સંબંધમાં વિચારીએ તો વિચારપૂર્વક તો જ ઠીક પડે, કારણ કે આધ્યાત્મિક ધર્મ આજે ? ક્રિયાથી પ્રચાર થાય છે તે ખાસ અગત્યના આપણે જાણીને જ તે આધ્યાત્મિક ધર્મને ખાસ આત્મામાં આણીએ તો જ તેની સાર્થકતા સમજાશે.

વિશ્વધર્મ

નીતિ એ જ ધર્મનો પાયો છે તે વાત જેમ આપણે બીજા ધર્મો વિચારતાં દરેકમાં રાખી હતી તેમ દરેક પણ રાજ્યની જ છે પરંતુ ફેર એટલો જ છે કે પહેલાં ધર્મનું જે ક્ષેત્ર હતું તેટલું જ તેના વ્યવહારનું ક્ષેત્ર પણ સંકુચિત હતું. વિશ્વધર્મમાં જેમ આખા વિશ્વનો સમાવેશ થાય છે તેમ વિશ્વનીતિમાં પણ આખાએ વિશ્વના પ્રાણીઓનો સમાવેશ છે નીતિથી ધર્મને ઓળખવો સહેલ થઈ પડે છે તેથી જ આપણે નીતિ શબ્દનો ધર્મ શબ્દની નામકક્ષ ગણ્યો છે નીતિ એ ક્રિયાત્મક વસ્તુ છે, તેથી તે ચકાસી પરખાય છે માટે મનુષ્યે મનુષ્યની ક્રિયા પરથી ધર્મિકતા કરવાનું માપ કાઢવું જોઈએ.

વિશ્વધમ અને ઇતર ધમ

વિશ્વધર્મ અને ઇતર ધર્મમાં ફેર એટલો છે કે બીજા ધર્મો પોતપોતાના ક્ષેત્રમાં પરિમિત છે ત્યારે વિશ્વધર્મ તો અપરિમિત છે દાખલા તરીકે કુટુંબધર્મ સમાજધર્મ વગેરે.

ગૃહસ્થધર્મ અને કુટુંબધર્મ જ નભાવનાર માણસનું ક્ષેત્ર તેટલા પ્રમાણમાં રહેશે. એટલે કે આપત્તિને પ્રસંગે તેની દૃષ્ટિ ટુંક ત્યાં પહોંચે અને પછી તો તે ધર્મ જ નહીં ભલે એ મનુષ્ય હોવાથી તે ધર્મ તરીકે ન જ ગણી શકાય અને કદાચ પણ ન ગણાય. એ તો પતનના માર્ગ કહેવાય સારાંશ કે મનુષ્ય પોતે મનુષ્ય હોવાથી માનવધર્મ તો કોઈ પણ ધર્મ ભાવવા ન જ ચૂકે ને એક સાદી અને સમજાય તેવી વાત છે

મિત્રો બીજાનું નુકસાન કરીને પણ પોતાને ફાયદો જેટલો આપ સ્વાર્થ તો કોઈ ન જ કરે. પરંતુ અહીં એ કહેવાનો આશય છે કે જે પ્રમાણમાં દુઃખો હોય અને તેમાં ભાગ લેનાર વ્યક્તિઓ માણસ સૌથી પહેલાં પોતાના સ્વજનોને બચાવે. આમાં તેણે પોતાના સ્વાર્થ માટે બીજાને દબાવ્યો નથી. તેમ બીજાને નુકસાનની ભાવના

બહુ રાખી નથી. પરંતુ પોતાની શક્તિ એમને અપનાવવાની હોવાથી જ તેમણે આમ કર્યું છે તે જ રીતે કુટુંબધર્મ અનુસાર બાળકને પોતાની શક્તિ પ્રમાણે તેવું જ ક્ષેત્ર કેળવ્યું હોય તો તે ખોટું નથી. આ તો એક સમજવા પૂરતું દૃષ્ટાંત છે પરંતુ જેમજેમ મનુષ્ય આગળ વધતો જાય તેમતેમ તેનું ક્ષેત્ર વિસ્તૃત બનવું જોઈએ.

અને એટલે ભગવાન તીર્થંકર જેવા આચાર્યે વિશ્વને પોતાનું ગણ્યું. આ ભાવ સમજનાર અને આચરનારની ક્રિયા કોઈ પણ જીવને ક્લેશપૂર્વક હાનિકારી ન હોય. આનું જ નામ વિશ્વધર્મ

કોઈ અહીં શંકા કરે કે વિશ્વધર્મ તો બીજા બધા ધર્મો કરતાં ઊંચો છે તો તેને જ આચરીએ. શા માટે બીજા ધર્મોની પંચાતમાં પડવું જોઈએ ?

આ શંકાના સમાધાન માટે ગીતાજીમાં આવેલા આ શ્લોકને તપાસીએ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને કહ્યું છે કે,

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥

અર્થાત્ બીજાને ધર્મ ઊંચો અને બહુ સારો દેખાતો હોય અને પોતાનો ધર્મ તે ધર્મની અપેક્ષાએ નીચો અને ઓછા ગુણવાળો દેખાતો હોય, તોપણ પોતાનો તત્કાલીન આવશ્યકીય ધર્મ ગણી તે ધર્મ બજાવતાં જતાં મૃત્યુ થાય તોપણ ઉત્તમ, પરંતુ રૂડો દેખાતો પરધર્મ (ઉત્તમ રહેલો હોય તોપણ) આચરવો તે ભયંકર છે

કોઈ આ શ્લોકનો અર્થ જુદી જુદી રીતે ઘટાવતું હોય તે સંભવિત છે પરંતુ આ પ્રસંગ અને શ્લોક એ બન્ને દૃષ્ટિબિંદુથી ઉપરનો અર્થ પ્રાસંગિક છે, અને તે અહીં આ રીતે ઘટાવી શકાય.

જ્યાં સુધી મનુષ્ય આધ્યાત્મિક ધર્મ આચરવા જેટલી યોગ્યતા સુધી ગયો નથી હોતો, ત્યાં સુધી આધ્યાત્મિક ધર્મ ઉચ્ચ હોવા છતાં

તેને તે આચરી નહિ શકે અથવા પ્રત્યક્ષ આચરવા જશે તો તેને તે પચાવી નહિ શકે અને તેની ગતિ એ થશે કે તે એ પાકના જતાં પોતાનું સામાન્ય કર્તવ્ય કે ધર્મ ચૂકી જશે અને નહિ ઘરમાં, નહિ તેરમાં કે નહિ બ્રહ્મના મેળમાં એવો તેનો તાલ થશે.

આધ્યાત્મિક ધર્મનું અજીર્ણ

આજે ભારતવર્ષમાં આધ્યાત્મિક ધર્મમાં જે વિકાર દેખાય છે તે એક પ્રકારનું અજીર્ણ જ છે. બીજા કોઈ પણ ધર્મને કે કર્તવ્યોને નહિ સમજનાર કે આચરનાર પ્રજાનો મોટો વર્ગ આધ્યાત્મિક ધર્મ અને તેને લગતી ક્રિયા આચરી રહ્યો દેખાય છે. એને લઈને તેનું વ્યાવહારિક જીવન અને ધાર્મિક જીવન એ બન્નેનો કશો મેળ ખાતો નથી અને એ પોતે પણ એમ માને છે કે હું જે ધર્મક્રિયા આચરું છું તે ઈશ્વરી દરબારમાં જમેવાર થાય છે અને હું જે કાંઈ પાપો કરું છું તે ઈશ્વરી ન્યાયના ચોપડામાં ઉધરે છે. તેમ જ તેનું પરિણામ પછી અમર પરલોકમાં મળશે.

આ તદ્દન ભ્રાંતિપૂર્ણ માન્યતા છે. આ માન્યતાએ વ્યક્તિને જ નહિ બલ્કે સમાજ અને રાષ્ટ્રને સુદ્ધાં પણ બહુ હાનિ પહોંચાડી છે.

દૃષ્ટાંત

એક ધાર્મિક ગણાતી વ્યક્તિ મંદિર, દેરાસર, મસ્જિદ કે તેવાં ધર્મસ્થાનોમાં જઈને હંમેશાં પૂજન કે પ્રાર્થના કરે છે, નાનાં કે મોટાં તીર્થાટનો વગેરે પણ કરે છે, માળાઓ ફેરવે છે, આ બધું થાય છે છતાંય તેનો વ્યવહાર ધર્મમય હોતો નથી.

તે વ્યાપારમાં ખોટી રીતે ચાલે છે, વિશ્વાસઘાત કરે છે, મોટાં મોટાં વ્યાજે લઈ કંઈક કુટુંબોના સુખની માળાઓ ધરે છે, કંઈક કુટુંબોની રોજી ઉપાડી સ્વાર્થ સાધે છે, હાથ નીચેના માણસોને દબાવે છે, પછી જ લોભ અને અતિસ્વાર્થમાં સ્પષ્ટપણે રહે છે. તેમાં વાસના, વિકાર, હિંસક વૃત્તિ આદિથી સતત ધર્મક્રિયા પ્રત્ય

કતા તેમાં ને તેમાં રહે છે. આવું ઘણે સ્થળે દેખાય છે, તેનું કારણ ધર્મ કે ધર્મક્રિયા નથી પણ આધ્યાત્મિક ધર્મનું અજ્ઞાન છે.

આપણે ધર્મનાં ખોખાં પાછળ મૂળભૂત ધર્મના આત્માને કેટલો ભૂલી ગયા છીએ એ જોવા માટે હિન્દુ-મુસ્લિમ હુલ્લડો, એકી સમાજની માનવહિંસા અને કતલ ધર્મને નામે ચાલી રહેલી આસામીઓ એ આરસીરૂપ છે. એ આત્માને વાળવા માટે સ્થૂલ ક્રિયાઓનાં ખોખાંમાંનાં કેટલાંકને છોડવાં પડશે, કેટલાંકને મરામત કરવી પડશે.

ધર્મની વ્યાખ્યા

જૈનદર્શનમાં ધર્મની વ્યાખ્યા એ છે કે વસ્તુમાત્રનો સ્વભાવ એટલે કે પદાર્થોનો સ્વાભાવિક ગુણ એ જ તે પદાર્થનો ધર્મ કહેવાય. જેમ કે ઠંડક તથા સ્વચ્છતા એ પાણીનો ગુણ છે, તો તે પાણીનો ધર્મ કહેવાય. બાળવું એ અગ્નિનો ધર્મ છે તો એ વડે તે જ અગ્નિ કહેવાય. સારાંશ કે ગુણ અને ગુણી સાથે જ હોવા જોઈએ. કોઈ પણ ચીજનાં રૂપ ભલે અગ્નિ હોય, પરંતુ તેમાં ઉપરના ગુણો તો હોવા જ જોઈએ તો જ તેને તેના ગુણદ્વારા જ કે અગ્નિરૂપે ઓળખી શકાય. જો તેનામાં તેનાથી વિરોધી ગુણો હોય તો તેને આપણે તે પદાર્થ તરીકે ઓળખી શકીએ નહિ. વળી નદીમાં રહેતા જળનો અને ઘરમાં રહેતા જળનો પણ ભિન્નભિન્ન ધર્મ ન હોય. તે તો હમેશાં એકસરખો જ હોય. આ જ રીતે ધર્મ અને ધર્મીનો સંબંધ હોવો જોઈએ. દેવળમાં ધર્મ અને આચારમાં પાપ એમ ધર્મક્રિયાના બે વિભાગો ન જ હોઈ શકે. આ ખાસ સમજવા જેવી વસ્તુ છે.

ધર્મસ્થાનમાં “ખામેમિ સવ્વે જીવે અને સવ્વે જીવા ખમંતુ મે કે મિત્તિ મે સવ્વભૂએસુ અને વેરં મજ્ઝં ન કેણઇ” એવી એવી ભિન્નતા પામે કે ઘરમાં આવ્યા પછી નાનાંમોટાં સાથે એની સાથે ઝઘડવાનો ધર્મદ્વેષી વ્યવહાર કોઈ પણ નાનાંમોટાં

પ્રવૃત્તિઓ પર દ્વેષબુદ્ધિ ન જ રાખી શકે. માનવની લાગણી દુભાય એવી ક્રિયા ન જ કરી શકે. પ્રવૃત્તિજન્ય હિંસા સ્વાર્થને માટે કે સ્વરસ્વાદને માટે ન જ કરી શકે. અને જો એ બધું થતું હોય, ધાર્મિક ક્રિયાની અસર વ્યાવહારિક જીવનમાં ન થતી હોય તો તેવું સમજવું જોઈએ કે તે સાચી ધર્મક્રિયા નથી પરંતુ રૂઢિમાત્ર છે.

જેમ અનિષ્ટ રૂઢિઓ, સામાજિક રૂઢિઓ, કુળરૂઢિઓ, રાષ્ટ્ર રૂઢિઓ હોય છે તેમ ધર્મની પણ આવી રૂઢિઓ હોય છે. જ્યારે ધર્મ જેવું મહાન તત્ત્વ રૂઢિના સ્વરૂપમાં ઢળી જાય છે ત્યારે તે ધર્મનું સ્વરૂપ પણ વિકૃત થઈ જાય છે અને ઉદ્દેશરહિત આગ્રહો ધર્મ સત્યને નામે અસત્ય અને ઉદારતાને નામે મન અને વાણીની સંકુચિતતામાં પુરાઈ જાય છે.

આજે દિલમાં ધર્મને નામે જે અનેક કુપ્રથાઓ થઈ ગયા છે તે બધાને એક ક્રમ નીચે લાવવા કરતાં તે બધાનો સમન્વય કરવો એ જ આજનું મોટામાં મોટું કામ છે. કોઈ પણ મુખ્ય કે પેટા સંપ્રદાયો સ્થાપવા કારણ થયાં હોય છે. આજે એ કારણ ન સમજવાથી ક્લેશ અને ઝઘડા પેદા થયા છે. હવે ધર્મે વિજ્ઞાનને અને બુદ્ધિગમ્ય ઉદારપણાને તોડીને આગ્રહપૂર્વક નહિ ચાલે. બૌદ્ધ, ઇસ્લામ, હિંદુ, ખ્રિસ્તી, જરથોસ્તી, જૈન એવા બધા મુખ્ય ધર્મોનાં ભિન્નભિન્ન તત્ત્વોમાં ભૂતકાળ, લોકમાનસ ક્યાં વાતાવરણ એ બધાનો ફાળો ક્યાં અને કેવા હતો એ સમજીને પ્રજાને ધર્મરૂઢિઓ ત્યાગીને ધર્મ સંશોધન કરી સર્વધર્મને પોતાના બન્ધુત્વની દૃષ્ટિ તરફ દોરવી જ રહી છે. એઓનો ધર્મગુરુ આ કામ કાર્યમાં લાગી જાય.

પોતાના મનની સૂક્ષ્મ વ્યવસ્થાની જાગૃતિ, માર્ગ જ ધર્મ થાય એ તત્ત્વ દાખલ, વગેરે આ માર્ગનાં ફળો છે તે ફળ મેળવીને કમ્પર્ટ માનસત્તાને ઊંચી ભૂમિકાએ લાવે તો એમાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વનું તથા આત્માઓનું આરોગ્ય, પ્રેમ અને ક્ષેમ રહ્યાં જ છે.

માનવધર્મ

જૈનધર્મના ધર્મસૂત્રોમાં શ્રમણ ભગવાન મહાવીરે આધ્યાત્મિક વિકાસક્રમ બહુ સ્પષ્ટ રીતે અને ક્રમપૂર્વક વર્ણવ્યો છે. ધર્મમાર્ગમાં સૌથી પહેલાં મનુષ્યમાત્રે માનવધર્મને અમલમાં મૂકી પોતાના જીવનમાં તે ધર્મને વણી નાખવો જોઈએ, એમ ક્રમપૂર્વક સમજાય છે. પોતે જ્યાં જે સ્થાન પર નિયુક્ત થયો છે તે સ્થાન સ્થિર કરવાની સૌથી પ્રથમ અગત્ય છે. એટલે કે માનવધર્મના ગુણો મનુષ્યે સૌથી પહેલાં પ્રાપ્ત કરવા જોઈએ.

માનવીજીવનને પીડા થાય તેવું એક પણ કર્મ ન કરવું એનું નામ માનવતા. માનવીજીવનની પીડા કેવી દૂર કરવા માટે ક્રિયાત્મક યોગ આપ્યો. તે માનવધર્મ પોતાની જાતિ પ્રત્યે તેવી પ્રેમભાવના તો ક્વચિત્ પશુઓમાં પણ હોય છે. એટલે માનવમાં તે ઘણા પ્રમાણમાં હોવી જોઈએ તે સ્વાભાવિક છે.

આવા માનવધર્મમાં મનુષ્ય ખામી ન પામે અને મનુષ્ય પોતાની સ્વવૃત્તિથી ભ્રષ્ટ ન થાય તે માટે માનવજાતના સ્થાપક ઋષિ મનુ આદિ શાસ્ત્રકારોએ નીતિતત્ત્વની યોજના કરી છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાનું સામાન્ય કે વિશિષ્ટ સુખ મેળવવા માટે હંમેશાં નીતિતત્ત્વ તરફ લક્ષિત રહેવું પડે.

નીતિ

નીતિ, ન્યાય, પ્રામાણિકતા એ બધા નીતિના પર્યાયવાચી શબ્દો છે. મનુષ્ય મનુષ્યને ન છળે, મનુષ્ય મનુષ્યને ન લૂંટે, મનુષ્ય મનુષ્ય પર અત્યાચાર ન કરે, મનુષ્ય મનુષ્યનો તિરસ્કાર ન કરે, એવાં લક્ષણોનું નામ નીતિ. આ નીતિનું સંરક્ષણ થાય તો જ માનવજાત સુખેથી રહી શકે અને વિકાસમાર્ગમાં પ્રગતિ કરી શકે.

નીતિસંરક્ષણનો આ ભાર આખી સમાજ પર અથવા રાજ્યના શિરતા પર સોંપાયો છે. જગતની અદાલતોનો આ જ હેતુ છે. નીતિ-

ધર્મમાં જે કોઈ ભૂલ કરે તે ગુનેગાર ગણાય અને ફરીથી તેનો ગુનો ન થાય તેથી તેને શિક્ષા અપાય એ ન્યાયની અદાલતોનું કાર્ય.

રાજતંત્ર ઉપર પ્રજાના પ્રશ્નોનો ભાર જેટલો ઓછો તેટલું જ તે રાજતંત્ર સારું— એ સૂત્ર પ્રમાણે નાનાં નાનાં ગ્રામમંડળો કે સમાજરૂપ ધોરણે નીતિ ઉપર ખૂબ ધ્યાન આપવું રહ્યું. આજના અનેક મોટાં મહાજનોમાં એક મોટામાં મોટું જ્યાં મોટામાં મોટું નુકસાન એ થયું છે કે અનીતિજન્ય ધનને પણ પુણ્યમાં ખપાવ્યું જ ધનમાત્રને પુણ્ય કે ધર્મમાં ખતવ્યું છે. ખરી રીતે ધન નીતિજન્ય પદાર્થોનું થયું છે કે અનીતિજન્ય પદાર્થોનું તેના ઉપર જ પુણ્ય અને પાપનો આધાર છે અને તેની પાછળ શુદ્ધ કે અશુદ્ધ જે ભાવ હોય તેના ઉપર ધર્મ અને અધર્મનો આધાર છે. ધર્મને નામે થયેલાં ખોટાં મૂલ્યાંકનોને ધરમૂળથી ન પલટાવવામાં આવે ત્યાં લગી એ અધિકતા આખી દુનિયાનું નુકસાન કરી બેસે છે. આજના સંપ્રદાયધર્મોએ પ્રથમ નીતિનો એકડો જ ઘૂંટ કરવાનો છે અને દૃષ્ટિ આવી સૂક્ષ્મ રાખવાની જ.

કર્તવ્ય

નૈતિક ફરજ બરાબર બજાવે એટલે મનુષ્યે માનવધર્મ બજાવ્યો ગણાય. મનુષ્યધર્મ રહીને તો મનુષ્યે માત્ર પોતાની જાતનું જ રક્ષણ કર્યું ગણાય. માનવજીવનનો હેતુ તો વિકાસ સાધવાનો છે એટલે કે વિકાસ એ જ મનુષ્યનું જીવનધ્યેય હોવું ઘટે.

વિકાસમાર્ગની બે વિકાસશ્રેણીઓ પૈકી ગૃહસ્થજીવનની શ્રેણીનું આ પ્રસ્તુત પુસ્તકમાં નિદર્શન છે એટલે કે નૈતિક ફરજ પછી તેને માટે ગૃહસ્થાશ્રમનું અનુસંધાન થાય છે (હવે ફરીફરી તે કહેવાની આવશ્યકતા નથી કે ગૃહસ્થજીવન પણ વિકાસ સાધવાનું એક સાધન માત્ર છે જ્યાં વિકાસ થોભ્યો હોય ત્યાં પતન એ તેનું ધ્યેય નથી. અને વિકાસની ભૂમિકાથી ગૃહસ્થ આગળ ન વધે તો

ધર્મ ન શિખવે અર્થાત્ કર્મ કરવા જેવાં હોતાં નથી. અને પ્રાણ જીવથી ભેદાઈ જાય તેવું સ્વરૂપ બનાવ તેની ખાસ જરૂર છે.)

જે કુળધર્મમાં સૌથી પ્રથમ પોતાની નિકટનાં આપ્તજનો ને સગાસંબંધીઓ વગેરે પ્રત્યેની ફરજ આવી જાય છે તેને આપણે કુળધર્મ તરીકે ઓળખી શકીએ.

ધર્મો

કુળધર્મ પછી સમાજધર્મની ફરજ આવી જાય છે. પોતાના સમાજની આર્થિક કે નૈતિક ત્રુટીઓ હોય તે દૂર કરવા માટે શિક્ષણ સંસ્થાઓમાં ઓગળી તન, મન અને ધનથી સેવા કરવી, એ સમાજધર્મનું પાલન કર્યું ગણાય.

પોતાના આત્મામાં ગમે તે વ્યક્તિ, ગમે તે સમાજ કે ગમે તે ધર્મના માણસો ? એ સાધનોની ત્રુટીને લઈને પીડાતા હોય તે તે સાધનોને પૂરા પાડવા માટે પોતાદ્વારા કે પ્રચારદ્વારા પ્રયત્ન કરવો, અને પોતાનું આત્મ શિક્ષણ, સંસ્કાર, બુદ્ધિ, જીવન આચાર, નીતિ અને સ્વાસ્થ્ય તથા સૌને આ ગણ વધે તેવા પ્રયત્ન કરવો તે માનવધર્મ ગણાય.

રાષ્ટ્ર પર કોઈ આકસ્મિક પ્રકોપ જેવાં કે ધરતીકંપ, રોગચાળો, દુકાળ, રેલસંકટ વગેરે સંકટો આવી પડે, તો વ્યક્તિગત, કુટુંબગત, સમાજગત અને ધર્મગત સાંપ્રદાયિક ભાવથી તેને ઉપરવાસના કોઈની પ્રેરણા વિના માત્ર પોતાનું કર્તવ્ય સમજીને, પ્રયત્નો આદરવા તેનું નામ રાષ્ટ્રધર્મ

પોતાનું રાષ્ટ્ર આબાદ થાય તેવી પ્રવૃત્તિ કરે તે પણ રાષ્ટ્રધર્મનું અંગ ગણાય. અલબત્ત રાષ્ટ્રની આબાદીની સાથે એ ન ભૂલવું કે બીજા રાષ્ટ્રની જનતાના હિતને કે નીતિને એ આબાદી ન નડી હોય.

ધર્મભાવના

પોતાના, પોતાના કુટુંબના, પોતાના સમાજના, પોતાના રાષ્ટ્રના

અને પોતાના દેશના હિત માટે પ્રયત્ન કરે ત્યાં સુધી તે ધર્મ જળવાયો ગણાય. તેમાં નીતિ અને કર્તવ્યના અંશો મુખ્યતયા રહે છે. આમ મારે કરવું જોઈએ, એમ કરવાથી કુટુમ્બ, સમાજ, ગામ અને દેશના હિતમાં મારો હિસ્સો હોવાથી મારું હિત છે. તેની શાંતિમાં મારી શાંતિ છે એમ માનીને બહુધા ત્યાગમાં ઓછાવત્તું સ્વાર્થની સંભાવના છે. કર્તવ્યના ભાનથી અને દૂરદૂરના કિંચિત્ સ્વાર્થથી પ્રેરાઈ સજ્જન મનુષ્ય તે ધર્મ જાળવી શકે છે. લોક આ ધર્મ જાળવતા પણ સહેલા અને સરળ નથી. તે પણ કઠિન અને કપરા છે.

અંતિમ મનુષ્યજીવનનું ક્ષેત્ર તેથીયે વિકસિત છે. આ વિકાસ સાધવા માટે હજીયે તેને આત્મજ્ઞાનો વિકાસધર્મ સમજવાનો છે. તે વિશ્વધર્મ અથવા આધ્યાત્મિક ધર્મ ધર્મપ્રવર્તકોએ સમજાવ્યો છે.

કુટુંબધર્મ, સમાજધર્મ, ગામધર્મ અને રાષ્ટ્રધર્મ એ પ્રતિદિન અને પ્રતિસમયે જાળવવાના હોતા નથી. પરંતુ આધ્યાત્મિક ધર્મ તો પ્રતિપળે અને પ્રત્યેક ક્ષેત્રમાં જાળવવાનો રહે છે. વળી બીજા ધર્મોને જાળવવામાં પણ આ ધર્મ બાધક થતો નથી. પરંતુ સહાયક થઈ પડે છે. અને જે ધર્મના અંશો વ્યક્તિગત જીવનમાં હણાઈ જતા હોય તો તે ધર્મના નાશમાં વ્યક્તિનો પણ નાશ છે. આ મનુસ્મૃતિમાં કહ્યું છે કે—

धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हन्तव्यो मा नो धर्मो हतोऽवधीत् ॥

मनुस्मृति

હણાયેલો ધર્મ વ્યક્તિને હણે છે (શાંતિનો નાશ કરે છે) અને રક્ષાયેલો ધર્મ વ્યક્તિનું રક્ષણ કરે છે. માટે હણાયેલો ધર્મ રખે આપણને હણી નાખે એમ અધર્મથી ડરીને સૌ કોઈ (ધર્મની રક્ષા કરે અર્થાત્) ધર્મને ન હણે.

ધર્મનું સ્વરૂપ

ધર્મનું વાસ્તવિક સ્વરૂપ મુખ્યત્વે નીચેનાં પાંચ અંગોમાં સમાઈ જાય છે એમ ભગવાન વ્યાસે કહ્યું છે કે

> अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ।
> पञ्चस्वेतेषु धर्मेषु सर्वे धर्माः प्रतिष्ठिताः ॥
>
> — મહાભારત

"અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ અને બ્રહ્મચર્ય એ પાંચ અંગોમાં બધા ધર્મોનો સમાવેશ થાય છે."

પ્રત્યેક ધર્મસંસ્થાપકે દેશ, કાળ, પરિસ્થિતિ એ બધું વિચારીને પોતપોતાના સિદ્ધાંતની સ્થાપના કરી છે પરંતુ દરેક ધર્મમાં આ અંગોની વિચારણાનું ધ્યેય મુખ્ય હોય છે. કોઈ પણ ધર્મ હિંસા, અસત્ય, ચોરી, વિલાસ અને અબ્રહ્મચર્યમાં વિકાસ છે એમ માનતો નથી. અને જો કોઈ પણ મત કે સંપ્રદાય તેવા મતમાં માનતો હોય તો તે દોષ ધર્મનો નથી પણ તે ધર્મના અનુયાયીઓનો અને સંચાલકોનો છે. તેવા ધર્મને ધર્મ ન કહી શકાય. આત્મીયતાની દિવ્યદૃષ્ટિએ જોવાયેલો હોય તે જ ધર્મ ગણાય. આત્મીયતાના સિદ્ધાંત સાથે સંકલિત તો સમાવેશ હોવો જોઈએ. એ વિષે વધુ કહેવાની જરૂર નથી.

ઉપરનાં અંગોને અતિ પુષ્ટ કરે, વધુમાં વધુ ઉપયોગી એ અંગોને સ્પર્શે એવા નિયમો અને વિધિવિધાનો જે ધર્મમાં બહુ ઊંડા વિચારાયેલાં હોય અને જે ધર્મના સંચાલકોએ અને અનુયાયીઓએ તેવા ધર્મના સિદ્ધાંતની સાધનામાં જીવનનાં જીવન સમાપ્ત કરી દીધાં હોય તે જ ધર્મ ઉદારધર્મ ગણી શકાય. ભલે તે જૈનધર્મ હો કે ઇતર ધર્મ હો. નામભેદ સાથે કશો મતભેદ ન રાખવો ઘટે.

ઇતર ધર્મ અને જૈનધર્મ

વૈદધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ ત્રણે પ્રાચીન ધર્મો

પૈકીના જૈનધર્મે ધર્મતત્ત્વનાં ઉપર્યુક્ત અંગોની બહુ જ સ્પષ્ટ, સુંદર અને ઉદાર સમાલોચના કરી છે. ગૃહસ્થાશ્રમી જીવન રસપૂર્વક જીવતાં જીવતાં તે ધર્મનું પ્રત્યેક ક્રિયામાં સહજ સહજ આચરણ કરી શકે તેવી રીતે જૈનધર્મે ધર્મતત્ત્વની વ્યાખ્યા કરી છે.

જૈનધર્મમાં ધર્મનાં પાંચ અંગોને (કે જેને આપણે આગળ વર્ણવી ગયા) વ્રતો તરીકે ઓળખાવ્યાં છે અને તે પાંચ વ્રતોનું પાલન રચનાત્મક રીતે થાય તે સારુ તેની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પણ યોજેલાં છે. આપણે અહીં ક્રમપૂર્વક તેની વ્યાખ્યા કરીએ.

અહિંસા

(૧) કોઈ પણ પંચેન્દ્રિય જીવને (પશુ, પક્ષી અને મનુષ્યને) વિના અપરાધે કેવળ માત્ર ઇજા ન પહોંચાડવી.

(૨) અપરાધીને પણ બનાવ જોઈ થાય તેટલી ક્ષમા આપવી.

(૩) કીડા વગેરે નાનાં જીવજંતુઓને પણ જાણી જોઈને ઇજા પહોંચાડવી નહિ.

(૪) સૂક્ષ્મ હિંસા (જળ, વનસ્પતિ, અગ્નિ ઇત્યાદિમાં ચૈતન્ય છે તે જીવોની હિંસા) કે જે ગૃહસ્થજીવનમાં અનિવાર્ય છે તેમાં સંયમ અને વિવેક રાખવો.

આજના જૈન અને હિંદુધર્મમાં અહિંસાધર્મમાં ક્વચિત્ વિકૃત સ્વરૂપ દેખાય છે. સૂક્ષ્મ જીવો પ્રત્યે સમાજનું જેટલું લક્ષ છે તેટલું લક્ષ મનુષ્યજાત પ્રત્યે કેટલીક વાર દેખાતું નથી. આ વર્તનમાં જૈનધર્મને નહિ સમજનાર વર્ગનો દોષ છે એમ ઉપરની વ્યાખ્યા જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપરની વ્યાખ્યામાં મનુષ્યજાત સંસારમાં ખૂબ ઉપયોગી છે. એક મનુષ્યના જીવનવ્યવહારમાં સેંકડો સૂક્ષ્મ જીવોનું કસાણ છે-

પશુઓ વગેરે મનુષ્યજાતિનાં મહાન ઉપયોગી અને સેવા બજાવનારાં પ્રાણીઓ છે. તેમાં સૌ પહેલાં તેની લાગણી ન દુભાવવી, એમ સમજવું.

આમ છતાં આત્માની રક્ષા ખાતર ગૃહસ્થાશ્રમીને કોઈ જીવોની જીવ સુધારવાની ખાતર હેમ કરવું પડે, તો ત્યાં નિરુપાયે કર્મ બંધ એમ સમજવું.

આ રીતે અહિંસાનો લોપ ગૃહસ્થાશ્રમીના જીવનમાં બાધ ન પહોંચે અને વિકાસ ન રોકાય તેવી રીતે આપ્યો છે. આથી ગૃહસ્થાશ્રમીએ આ પ્રમાણે અહિંસાધર્મનું પાલન કરવું ઘટે.

અહિંસા અને અહિંસક

અહિંસક કેવળ હિંસા ન કરે, એટલું જ નહિ પરંતુ હિંસાને વધી પણ ન શકે બીજાને અને ત્યાં બુદ્ધિ ઉપયોગી થાય. કોઈનું દુઃખ દેખી તે બેસી ન રહે, પરંતુ તે દૂર કરવા માટે પોતાથી બનતું કરે. અહિંસક સમાધાન હોય પરંતુ તેની ક્ષમામાં કાયરતાનો અંશ પણ ન હોય. ત્યાગમાં શૌર્ય અને ઔદાર્ય હોય તે જ અહિંસાનો અધિકારી ગણાય.

અહિંસાનાં સાધનો

આતિથ્યસન્માન, દાન, પરોપકાર, ક્ષમા, મિત્રતા, દયા, પ્રેમ ઇત્યાદિ આ ધર્મનાં અંગો અહિંસામાં જ છે. તે અહિંસાની પ્રાપ્તિ ગમે તેની સમૃદ્ધિ ખાતર યોજાયાં છે. હવે તેનો સીધો સંબંધ અહિંસા સાથે હોવાથી અહીં તેની ક્રમશઃ વિચારણા કરીએ.

આતિથ્યસન્માન

આંગણે આવેલા અતિથિનો સત્કાર કરવો, એ તો ગૃહસ્થાશ્રમીનું બહુ ઉપયોગી લક્ષણ છે. આવેલો અતિથિ ગમે તે જાતિનો, ગમે તે ધર્મનો, કે ગમે તે દેશનો હોય, તોપણ તેનો પ્રેમથી

અતિથિને આદર કરવો, પોતાના ગૃહયોગ્ય ભોજનાદિ સામગ્રીથી તેને સંતોષવો અને જ્યાં સુધી તે પોતાને ઘેર રહે ત્યાં સુધી મિત્ર સમાન એખલાસથી વર્તવું એ આતિથ્યસન્માન કહેવાય.

જે ગૃહસ્થાશ્રમીને ત્યાં આતિથ્યસન્માન હોતાં નથી, તે ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ અપૂર્ણતાવાળો લેખાય છે. આતિથ્યસન્માન એ ગૃહસ્થાશ્રમી માટે સદાસર્વદા સંસ્મરણીય વસ્તુ હોવી ઘટે.

દાન

શાસ્ત્રકારોએ જ્યાં જ્યાં દાનનો મહિમા ગાયો છે ત્યાં ત્યાં તે દાનની સાથેજ સુપાત્ર શબ્દની યોજના કરવાનું તેઓ ભૂલ્યા નથી. આ સુપાત્રની યોજનાનું કારણ યોગ્યતા અને ઉપયોગિતા છે. જો યોગ્યતા અને ઉપયોગિતા જોયા કે વિચાર્યા સિવાય દાન આપવામાં આવે તો લાભ કરતાં હાનિ થવાનો વિશેષ સંભવ છે. યોગ્યતાનો તોલ તો કોઈ માટે સહસા શક્ય નથી, છતાં ઉપયોગિતા પરત્વે તો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. માટે દાતારે ઉપયોગિતા તો વિચારવી જ જોઈએ.

દાખલા તરીકે પાસિફિક મહાસાગરમાં પાંચ, પચ કે પચીસ ઈંચ વરસાદ પડે તેના કરતાં ભારતની ઉજ્જડ મરુ જેવી ભૂમિમાં પડે તે અર્થયુક્ત છે. જે મિષ્ટાન્ન ખાઈખાઈને થાકી ગયો છે, તેને મિષ્ટાન્નથી લાભ નથી, પણ હાનિ છે. તે જ રીતે અયોગ્ય સ્થળમાં તેને ફેંકી દેવા કરતાં યોગ્ય સ્થળમાં તેનો વ્યય થવો ઘટે.

મોટામોટા જ્ઞાતિવરાઓ, આડંબરો અને ઉત્સવો પાછળ થતો વ્યય કીર્તિ ખરચવા ને દાન નથી, પણ વ્યય ગણવા લાયક છે. ગૃહસ્થાશ્રમી મનુષ્ય પોતાના વ્યવહારની ખાતર યોગ્ય સ્થળે કંઈ પણ દ્રવ્યત્યાગ કરતો હોય, તો નહિ ખરચનાર કરતાં તેને ખોટો નહિ ગણાય, પરંતુ તે દ્રવ્યત્યાગની ગણના દાન, સેવા કે પરોપકારમાં તો ન જ થઈ શકે.

દાનની ઉપયોગિતા

નીતિ ઉજાણી પુરુષાર્થ કરીને મેળવેલા પદાર્થોનો પણ કેવળ પોતાના જ સ્વાર્થ સારુ ઉપયોગ કરવો, એ યોગ્ય ન ગણાય. એટલે તેમાંથી અમુક હિસ્સો તો ગૃહસ્થાશ્રમીએ કાઢી મૂકવો જ જોઈએ. નાનાંમોટાં ફળ કે વનસ્પતિમાંથી ભાગ, એટલી રસ્તાઓ ઉભરાઓ કે તેવું તેમાંનું કંઈક ને કંઈક કાઢી નાંખવાનું હોય છે તે ખાસ કરે છે કે મનુષ્ય મેળવેલી બધી વસ્તુઓ ભોગવવાનો અધિકારી ન હોઈ શકે. જે આ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે, તેઓને ગુરુત્વનો કાંઈ તો ઉપયોગ જ નથી. રેતી, પાણી વગેરે બધે પણ પોતાનું છે તેનું આ પણ કામ કરવું કાં ન હોય! એટલે દાન કરવું, એ કંઈ પરોપકાર નથી. એ તો માત્ર કાઢી નાંખવાનો ભાગ જ કાઢી નાખવા જેવું છે. આથી એ કરવામાં પણ ઉદારતા અને પ્રસન્નતા હોવાં જોઈએ.

દાનનાં પાત્રો

દેશ કે સમાજને કોઈ પણ દૃષ્ટિથી ઉપયોગી હોય તેવી સંસ્થાઓ, નિરાધાર વિધવાઓ, અનાથ, રોગી, અનાથ, અપંગ અને વૃદ્ધ વ્યક્તિઓ દાન મેળવવાની અધિકારી હોઈ શકે. દાન આપનાર વ્યક્તિ સ્વયં આમાં ઉપયોગી પાત્રોને સમાજ કે દેશ ગમે ત્યાંથી શોધીને તેની ઉપયોગિતા પૂર્ણ કરે. ભાવનાની શુદ્ધિ કીર્તિ એ દાન જેવી પવિત્ર વસ્તુને અભડાવે છે અને પાત્ર લેનારને ન શોભે, પણ ઉદાર પાત્રને શોભે, એ બન્ને વાતો યાદ રાખવા જેવી છે.

પરોપકાર

ઉપકારથી તો આપણે સૌ ઘણી રીતે ભીંજ્યાં. ધારણાકાળથી માંડીને તે અત્યાર સુધી બધી સ્થિતિમાં મનુષ્ય એક યા બીજી રીતે બીજાના ઉપકારથી જીવન ઘડી રહી હોય છે. માતાપિતા, ગુરુજની સમાજની અને વિશ્વની તેણે ઘણી સેવા લીધી હોય છે, અને લેતો હોય છે તેનો જો તે પ્રત્યુપકાર ન વાળે, તો ખરેખર તે ભારે

સમાન છે એટલું જ નહિ બલ્કે તેનું ઉત્થાન પણ કરતાંય નિકૃષ્ટ ગણી શકાય.

અગાધ વહેતી નદીઓ, છાયા અને ફળ આપતાં વૃક્ષો, અસ્તિત્વ સુધી મનુષ્યજાતની સેવા કરતાં પશુઓ મનુષ્યજાત પાસેથી બદલે ન લેવા છતાં આખા કાળ અલ્પ લઈને જગતને ઘણું ઘણું આપે છે અને સાચો પરોપકાર કરી શકાય. મનુષ્યજાતિ માટે શિક્ષણના આ ઉત્તમ આગવા પ્રત્યક્ષ દૃષ્ટાંતો છે.

મનુષ્યમાત્રે પોતાની શક્તિ, સંપત્તિ, અધિકાર અથવા શુભ વિચાર વગેરે વગેરે જે કંઈ પોતાને પ્રાપ્ત થયું છે તેનો લાભ નિઃસ્વાર્થે બીજાને આપવો તેનું નામ પરોપકાર. આવા પરોપકારની આત્મસ્ફુરિતા મનુષ્યના વિકાસ માટે અનિવાર્ય છે.

સેવા

સેવા એ દાન અને પરોપકાર કરતાં એથીયે ઊંચી આવનારી વસ્તુ છે. દાન અને પરોપકાર કરનાર મનુષ્ય સાધન આપીને અળગો રહી શકે. સેવામાં એવું નથી. સેવામાં ધન કરતાં તન અને મનની વધુ આવશ્યકતા છે.

પોતાના સર્વથી વધુ મોટો કે અલ્પ મોટો કોઈ વિકારી કે પ્રદેશો, છતાં સેવાભાવીનું હૃદય સમાન રહે. દર્દીના અધૂરાં વાતાવરણમાં પણ અભ્યાનપણે સેવા કરવાનું ન ચૂકે. તેના હૃદયનો તાર અંત સુધી એકસરખો ચાલુ રહે, કોઈ સામે તેને એતરાજ કદીયે ઉત્પન્ન ન થાય. આવી સેવાનું કાર્ય અત્યંત ઉચ્ચ કોટિ સુધી હૃદય ન પહોંચ્યું હોય ત્યાં સુધી શક્ય નથી. એથી જ ભર્તૃહરિ કહે છે કે સેવાધર્મઃ પરમગહનો યોગિનામપ્યગમ્યઃ । સેવાધર્મ યોગીઓને પણ સહજગમ્ય ન થાય તેવો કઠિન ધર્મ છે. ક્યાંય જેને વિકાસની અપેક્ષા છે તેને તો તેની સાધના કર્યે જ છૂટકો.

મિત્રતા

મિત્રભાવની વૃદ્ધિ કર્યે જવી, કોઈ પણ મનુષ્યને પ્રમાદપૂર્વક વેરી ન જાણવો, અને કદાચ કોઈ પ્રસંગથી તેમ થઈ જાય તો તેનું નિવારણ કરી લેવું એ વિશ્વપ્રેમ કેળવવાની રચનામાં ખાસ છે. મિત્રતાના વધારાથી અંતરને જ નહિ આખો પોતાને પણ ઘણો જ લાભ થાય છે.

દયા

સામાન્ય રીતે દયા અને અનુકંપા પર્યાયવાચી શબ્દો છે છતાં દયા કરતાં અનુકંપાને કંઈ વધુ ઊંડો અર્થ છે. કારણ કે અનુકંપામાં તો આ માણસ દુઃખી છે એવો વિચાર હોય છે. અનુકંપામાં ખુદ અનુકંપા આતુર અંતરને સ્પર્શીને—હૃદયને હલાવીને—સર્વાંગ કંપિત થતાં થાય છે. બીજાનું દુઃખ જોઈને તે દુઃખ પોતામાં સંવેદન થવું તેનું નામ અનુકંપા.

જૈન પરિભાષામાં અનુકંપા શબ્દને મહત્ત્વનું સ્થાન છે. આને આસ્તિક્યના રચનામાં મર્મ તરીકે ઓળખાવી શકાય. બીજાનું દુઃખ જોઈને તે દુઃખ પોતામાં સંવેદન થવું તેનું નામ અનુકંપા. અનુકંપાવાન મનુષ્ય પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈને ન દુભવે, એટલું જ નહિ બીજો દુભાતાને પણ બચાવે. અનુકંપાવાન મનુષ્યના વર્તનને આપણે ટૂંકમાં સમજાવવા જઈએ તો आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्। પોતાને જે ક્રિયા પ્રતિકૂળ હોય તે બીજા કોઈ પ્રત્યે કદી ન આચરે એ રીતે ઓળખાવી શકાય.

તેનું આ જ્ઞાન નિકટના સ્નેહીજનો પ્રત્યે જ નહિ પરંતુ પોતાના હાથ નીચેના નોકર ચાકર આશ્રિત માણસ અને પશુપક્ષી પ્રત્યે પણ તેવું જ હોય છે. કોમળતા અને નિર્દંભતાને લીધે તેનામાં સ્નેહ અને સૌજન્ય ભર્યાં હોય છે.

પ્રેમ

પ્રેમ એ સત્યનું અહિંસાનું મિત્રતાનું જનક વર્ધક કે સહાયક જે કંઈ કહો તેવું ઉપયોગી તત્ત્વ છે. મનુષ્યને સ્વાર્થત્યાગી બનાવી સંકુચિતતાથી આગળ વધારીને વિશ્વ જેવા મહોળા ક્ષેત્રમાં મૂકવાની યોગ્યતા પ્રાપ્ત કરાવનાર પણ આ તત્ત્વ છે. દરેક વિકાસની પ્રવૃત્તિમાં પ્રેમ એ એક અનુત્તર સાધન છે. અથવા પ્રેમ એ આત્માનું માપ છે. તેનો જેટલો વિકાસ અને શુદ્ધિ તેટલું જ આ મહાન, એમ કહેવામાં કશીએ અતિશયોક્તિ નથી.

પ્રેમ એ એવું સુંદર તત્ત્વ છે કે જે સત્ય તરફ જ દોરે છે. પ્રેમની દૃષ્ટિમાં વિકાર કે દુર્ગુણને જરાયે સ્થાન નથી. પ્રેમ સદ્ગુણને જ આપે છે. જેને જ પ્રાણીમાત્રમાં આ તત્ત્વ છે અને તે તારથી આખા વિશ્વ સાથે વ્યક્તિનો સાંકળ સંબંધ છે. એક દંપતીનો સ્નેહ પણ જ્યારે વિશુદ્ધ થઈને શુદ્ધ પ્રેમમાં પલટે છે ત્યારે તે ગૃહસ્થાશ્રમી હોવા છતાં સહકાર સાધી વિશ્વબંધુત્વના સેવામય કાર્યમાં યોજાઈને નિવૃત્તિ સાથે સમર્પણ પણ આપે છે.

વાનપ્રસ્થાશ્રમ

સેવા પ્રેમ અને ઉપરના બીજા સદ્ગુણોની આરાધના વધુ પ્રમાણમાં થઈ શકે અને કાર્યના ભારથી થાકી ગયેલું શરીર વિરામ પામે, જીવનશોધનના પ્રશ્નો વિચારાય, મોક્ષમાર્ગના પ્રશ્નો થાય, અને આત્મસાધના સધાય એ હેતુએ ગૃહસ્થોને માટે ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમની યોજના જે પ્રાચીન યુગમાં પ્રચલિત હતી, તે ઘણી અગત્યની વસ્તુ છે. પરંતુ હાલ એ પ્રણાલિકા સાવ નષ્ટ થઈ ગઈ છે.

જીવનની છેલ્લી ઘડી સુધી ઢાલોની ધમાલમાં મચી રહેવું, ગૃહસ્થાશ્રમની જવાબદારીને પહોંચી વળતા દિવસ અને રાત્રિ ચિંતામય જીવન ગાળવું અને જીવનવિકાસ સંબંધી [illegible] અંતર્ગત એક પણ વિચાર ન કરવો એ માનવજીવન માટે વધુ જોખમ છે. એટલે આ પ્રણાલિકાની અનિવાર્ય આવશ્યકતા હોવી જોઈએ.

વાનપ્રસ્થાશ્રમનું કાર્ય

આજનો વાનપ્રસ્થાશ્રમી જંગલમાં કે કોઈ નદીકિનારે એકાંતમાં જઈને ભલે ન બેસે, પરંતુ ઘેર રહેતાં છતાં અને સંપત્તિ હોવા છતાં અલિપ્ત પણ કર્મ પામે. સ્વાર્થી વ્યાપારને છોડી સમાજ હિતના કાર્યોમાં જ ધ્યાન આપે. ભજન, સ્મરણ, ચિંતન વગેરે કરે અને "હું કરું આ મેં કર્યું" એ ભાવનાને છોડી પોતાનો વ્યાવહારિક બોજો પોતાના પુત્ર કે નિકટના સગાં પર છોડી તેઓ પ્રવૃત્તિથી નિવૃત્ત થાય. આમ કરવાથી તેને પોતાના જીવનકાર્યનો પૂરો અવકાશ મળે, તેના વારસોને પોતાની જવાબદારીનું તેમના વડીલોની હાજરીમાં જ ભાન થાય, અને તેમને પણ વ્યાવહારિક અનુભવની તક સાંપડે.

ઘણી વખતે પિતાથી, વડીલ કે આગળના આશ્રિત પતિથી આખા કુટુંબની પણ જ ખોટી સ્થિતિ થઈ પડે છે, અને શક્તિ હોવા છતાં વ્યાવહારિક બોજો એકદમ શિર પર આવી પડતાં તે મૂળ જ મૂંઝાઈ જાય છે તે પરિસ્થિતિનો પણ આ પ્રવૃત્તિથી ઉકેલ આવી રહે એટલે પોતાના અને નિકટના સ્નેહીઓના હિત નિર્માણ માટે પણ વાનપ્રસ્થાશ્રમની આવશ્યકતા છે.

ઉપરનાં ચાર અંગોનો અને વાનપ્રસ્થાશ્રમનો એક યા બીજી રીતે અહિંસા અને સંયમમાં સમાવેશ થઈ જાય છે. એટલે ટૂંકમાં તે વિચારણા કરી. હવે ગૃહસ્થજીવનમાં સાધ્ય થઈ શકે તેવી રીતે બીજાં ચાર અંગોને પણ વિચારીએ.

સત્ય

સત્, ચિત્ અને આનંદ એ આત્માનું સ્વરૂપ છે એ રીતે આપણે સત્યને આત્મસ્વરૂપ તરીકે ઓળખીએ તો પણ કંઈ ખોટું નથી. પરંતુ માયામાં હોવા છતાં મનુષ્ય તે સત્યની સાધના કેમ કરી શકે તે દૃષ્ટિએ વિચારતાં વ્યવહારદર્શન સત્યને ચાર વિભાગમાં જોવાનું રહે છે

(૧) વચન સત્ય (૨) મન સત્ય અને (૩) કાય સત્ય અર્થાત્ સત્ય બોલવું સત્ય માનવું અને સત્ક્રિયાઓ કરવી

સત્યવાદી મનુષ્ય પોતાના વ્યવહારમાં તે સત્યનું અને તેણે ખરી પાલન કરે. તેની કોઈ પણ પ્રવૃત્તિ કે વ્યાપાર એવા ન હોવા જોઈએ કે જેથી બીજાઓને હાનિ પહોંચે તેમ જ પોતાની સાખ ખોટી બેસે. આ એક સત્યનું સ્થૂળ અને એક સામાન્ય વ્યક્તિને પણ સુસાધ્ય સ્વરૂપ છે આમ વર્તતાં વર્તતાં તે મન, વાણી અને કર્મથી સત્યરૂપ બનવા પ્રયત્ન કરે.

જે મનુષ્ય અસત્ય બોલતો નથી પણ જેનું મન અસત્યથી ખીરડાયેલું છે તે મનુષ્ય કદી સત્ય આચરી નહિ શકે અને તેની મનસ્યન્યત્ વચસ્યન્યત્ કર્મણ્યન્યત્ મન, વચન અને કર્મ એ ત્રણેમાં ભિન્નતારૂપતા દેખાઈ આવશે. આવો માનવી સમાજમાં પોતાનું સ્થાન રાખવા માટે દંભ, વિશ્વાસઘાત એવાંએવાં છૂપાં પાપો આચરી પતિત થતો જશે આથી મન, વાણી અને કર્મ એ ત્રણેની એકરૂપતા એટલે કે જેવું વિચારવું તેવું જ બોલવું અને જેવું બોલવું તેવું જ કરી બતાવવું આ સાધના પ્રત્યેક જીવનમાં ઉપયોગી છે

પૂર્વકાળમાં તો સત્યની ખાતર હરિશ્ચંદ્ર જેવાઓએ અનેક દુઃખના ડુંગરાઓ સહ્યાના અને પ્રાણને સુદ્ધાં ખોવાના ભારતીય ઇતિહાસમાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે પણ આજે તો તેની ખૂબ ઊણપ છે આ ત્રુટિને પહોંચી વળવા સૌ કોઈ પ્રયાસ કરવો ઘટે એમ એ અતિ આવશ્યક છે

અસ્તેય

અસ્તેય એટલે ચોરી ન કરવી. અસ્તેયનો આ સ્થૂળ અર્થ છે પરંતુ તેનું રહસ્ય તો ઊંડું છે

સીધી રીતે ચોરી કરનાર વર્ગ કંઈ મોટા પ્રમાણમાં હોતો નથી. પરંતુ એક બતાવી બીજું આપનાર, અને ઘરાકીનું પરિણું

અમારી પાસે કિસ્સો એવા વર્ગને પૂરી આવતા કે જે આપણે જરૂર પ્રમાણે ચોરમાં બોલાવાથી લઈએ તો તે વર્ગ આ? તો ભૂલ જ થઈ ગયો છે. જનતાને જે વસ્તુ ફરી હો તે મળો એવી માનતા પણ ભૂલ દેખાઈ જ, અને એવા મનુષ્યો એટલા તો દેખાઈ ગયા છે કે હવે તેઓ ખુલ્લી રીતે કરે છે કે એમ કર્યા વિના તો આપણ ન જ ચાલે. આ કામ ખરેખર એક ચોરીનું કાર્ય છે અને તેથી રાષ્ટ્રને પણ ભૂલ ભમવું પડે છે.

બીજું આપણને નોકરો કે બીજા પાસેથી વધુ કામ લેવું પોતાના હક કરતાં વધુ લેવું એ પણ ચોરી જ ગણાય. કોઈના નામનો તેને ખ્યાલ ન હોય તેવી રીતે પોતાના સ્વાર્થ ખાતર ઉપયોગ કરવો, કોઈના વિચારો લઈને પોતાના નામે ચલાવવા એ સમાજનું ધન ખાવું હોય કે ખાનો હોય તેના તરફ આદર ન રહેવું અને ન કોઈનું દેખાતી જે કર્મ ચોરી જેવું લાગે તે કર્મ કરવું, કોઈની પરવી ચીજ ચાલતી લેવી, એ બધી પણ સૂક્ષ્મ ચોરીઓ છે અને એવી સૂક્ષ્મ ચોરીઓનું પણ બહુ ભયંકર પરિણામ નીપજે છે.

અસ્તેય અને સત્યનો મૂળ પાયો સત્ય છે. જે મનુષ્ય સાચી રીતે સત્યની સાધનામાં લાગ્યો હશે તે કદી અસ્તેય દોષને નહિ જ કરે.

ત્યાગ

જૈન પરિભાષામાં તેને અપરિગ્રહ તરીકે ઓળખવામાં આવે છે અને અપરિગ્રહનો તાત્ત્વિક અર્થ અનાસક્તિ થાય છે.

પણ મનુષ્યો અનાસક્તિને વિકૃત સ્વરૂપમાં લઈ ગયા છે અને તેથી એમ પણ કહેતાં અચકાતા નથી કે અમે બધું ભોગવતા છતાં અનાસક્ત રહી શકીએ છીએ. આ વસ્તુ થાય બરાબર છે જ્યાં સુધી ઇચ્છાઓ સહજ પરિપૂર્ણ રીતે ન ઊતરે ત્યાં સુધી કદી અનાસક્તિ આવી શકે નહિ. ભોગવતાં છતાં અનાસક્ત રહેવું એ તો અનાસક્તિની ટોચ ઉપર પહોંચેલાને જ સુલભ હોય. પણ કોઈ એવો

હોતો કરી શકે નહિ. અને એવી અપવાદિત વ્યક્તિઓ પણ અનેક જન્મોની સાધના પછી જ આવી રીતે રહી શકે છે. અનધિકારી મનુષ્યો માટે એ કંઈ રાજમાર્ગ ન ગણાય. માટે ત્યાગનું પ્રથમ અંગ સંયમ હોવું ઘટે.

સંયમના ત્રણ પ્રકાર છે: (૧) મનઃસંયમ (૨) વાક્‌સંયમ, અને (૩) કાયસંયમ.

દુષ્ટ માર્ગે જતા મનને રોકી સુમાર્ગે પ્રવર્તાવવું એ મનઃસંયમ છે. બીજાને દુઃખકર અસત્ય કે નિરર્થક વાણીને રોકી સત્ય પરિમિત, પ્રિય, હિતકારી અને અર્થયુક્ત વાણી બોલવી તે વાણીનો સંયમ છે. વિલાસના વ્યસનને રોકી જરૂરિયાતો ઘટાડી સંતોષી જીવન ગાળવું તે કાયસંયમ છે.

ગૃહસ્થ સાધક ધીમેધીમે આવી રીતે આ માર્ગમાં આગળ વધી શકે. તેઓમાંના કેટલાક કે જેઓ સંયમને નીરસ અને મનુષ્યજીવનને માટે વધુ નિરુપયોગી વસ્તુ માને છે અને ભોગ વિલાસ એ જ જીવનયાત્રાના વિકાસનાં સાધનો છે એમ માને છે તેઓએ પણ જો એમનો ઉદ્દેશ બરાબર નિશ્ચિત કર્યો હશે, અને સાચી રીતે જીવનવિકાસને કે જીવનરસને મહત્ત્વ આપી શક્યા હશે, તો આજે કે કાલે પોતાના માનેલાં સાધનોને બદલી સંયમની આવશ્યકતા સ્વીકારવા આકર્ષાઈ જશે. તે માટે શંકાને જરા પણ સ્થાન નથી.

પરંતુ તેઓ કેવળ વાણીદ્વારા જીવનના સાચા રસવિકાસની વાતો કરે છે પણ જેના અંતઃકરણના ઊંડાણમાં વાસનાનો કીડો [કે જેને તેઓ દેખી શક્યા નથી] ભરાઈ બેઠો છે તેઓનું ઉપરનું માનસ સંયમી હોવા છતાં તેને તે કીડો તો નીચેના માર્ગે જ લઈ જશે. અને જ્યાં સુધી તેઓ પોતાના જીવનનું ઊંડું નિરીક્ષણ કરવાનો અભ્યાસ નહિ કરે, ત્યાં સુધી તેમની વૃત્તિ સંયમની અભિમુખ નહિ બની શકે.

સંયમી મનુષ્ય જો સાચી રીતે સંયમને સમજીને આચરતો હશે તો તેનું જીવન શુષ્ક નહિ હોય, પરંતુ રસમય હશે. તે અમુક વસ્તુથી ભાગતો ફરશે. પરંતુ મને તે ન મળી તેનો તેને અસંતોષ નહિ હોય અને મેં તેનો ત્યાગ કર્યો તેનું અભિમાન પણ નહિ હોય. વળી તે કેવળ પદાર્થોમાં સંયમ રાખી સંપત્તિને એકઠી કરવા માટે ખર્ચ નહિ મારતો હોય, તેમ આળસુ કે નિરુત્સાહી પણ નહિ હોય. તે સાચો રસિક પુરુષાર્થી અને પ્રવૃત્તિશીલ હશે. આવા સંયમીનું જીવન લોકોને પ્રેરનારું હશે. અને તે સમાજનો રાષ્ટ્રનો અને વિશ્વનો હિતચિંતક પુરુષ બની રહેશે. આવા સાચા સંયમીની કોને જરૂર નહિ હોય !

બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યના લાભથી તો આપણે સૌ પરિચિત છે કેવળ શરીર-સ્વાસ્થ્યની દૃષ્ટિએ અને માનસિક શુદ્ધિની દૃષ્ટિએ તપાસતાં પણ તેની ઉપયોગિતા અને આવશ્યકતા સર્વત્ર જગપ્રસિદ્ધ છે તેમ છતાં બ્રહ્મચર્યનો આરાધક વર્ગ બહુ અલ્પ દેખાય છે, અને જે બ્રહ્મચર્યના આરાધકો છે તે વર્ગમાં પણ તેના પાલન માટે સમજે તેના પ્રસંગમાં પણ નિર્ભય રીતે રહી શકે તેવો વર્ગ બહુ વિરલ જ સાંપડે છે.

પ્રાચીન કાળમાં કદાચ બ્રહ્મચર્યવિરોધક આટલું વિષમ નહિ હોય પરંતુ વર્તમાનકાળમાં તો ઉલટી સ્થિતિ સ્પષ્ટ છે અને તે ભારત માટે દુર્ભાગ્યની વસ્તુ ગણાવી જોઈએ. મનુષ્યનું દુઃખી તે તરફની રુચિનું વલણ આ વસ્તુમાં કેન્દ્રિત હશે જે બહુ પરંતુ વિલાસ-ભાવના સમાજનું માનસ અધિક ખેંચનાર છે તેમ સઘળાની પરિસ્થિતિ જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે

સ્ત્રી અને પુરુષ દમ્પતિ વચ્ચે પરસ્પરની ભક્તિનો અતિરેક થયો છે એ ભોગવૃત્તિનું જીવન જોઈ આર્યભૂમિની પાવન ચેતના ઘેરાઈ ગઈ છે તેમની શૌર્ય ચેતનશક્તિ વગેરે ઘટાઈ ગયાં છે અને પુરુષની દૃષ્ટિ

પોતા તરફ વધુ એ માન એવું પૂતળીમય જીવન ઓછો માટે નિર્માણ થયું છે અને પુરુષ એટલે વિકારનું પૂતળું હોય તેમ અત્યાર છે આમાં સ્ત્રીજાતિ અને પુરુષજાતિ બન્નેનો હ્રાસ થયો છે એટલું જ નહિ પરંતુ તેની માનસિક નિર્બળતાઓ એટલી તો વધી ગઈ છે કે આજે સમાજનું આ માનસ બદલવા માટે કયો માર્ગ હોવો જોઈએ તે રાષ્ટ્રની સસ્કૃતિના નિર્માતાઓને માટે એક ગહન પ્રશ્ન થઈ પડ્યો છે બ્રહ્મચર્યના ઉન્નત અને પ્રયત્નસાધ્ય માર્ગમાં આ એક મોટું બાધક અત્યાર છે

બ્રહ્મચારીઓને

બ્રહ્મચર્યની સાધના માટે પહેલાના જમાનામાં સ્ત્રી અને પુરુષે પરસ્પર છેટા રહેવાની વાતો પર ભાર અપાતો આજે સ્થિતિ એવી આવી લાગે છે કે સ્ત્રી અને પુરુષ બન્નેને પ્રકારના ક્ષેત્રોમાં પણ સાથે ને કામ કરવાનું મોટે ભાગે આવશે એથી અરસપરસ માત્ર બીને ભાગ્યે હવે નહિ ભાગે. આને બીજી પ્રાચીન કાળના અનુભવો અને વર્તમાન પરિસ્થિતિ એ બન્નેને સામે રાખી અત્યારે પ્રભાવી રીતથી જ સ્ત્રી જ સહશિક્ષણ લેતાં ભાઈબહેનો અને સહકાર્યકરો તરીકે કાર્ય કરતાં ભાઈબહેનો વચ્ચે એવા મૂઢ કિસ્સાઓ પણ બને છે, કે સાંભળી પ્રાચીન કાળના અને મધ્યયુગના વિધાનોને જ મહત્ત્વ આપવાનું મન થાય. પરંતુ આવા ધાતરના શુભ બનવે થોડાં જોખમો ખેડીને પણ આગળ ધપ્યા વિના છૂટકો નથી. એટલે માત્ર સ્વચ્છંદ નહિ તેમ માત્ર રૂઢિજન્ય બંધન નહિ તેમ વિવેકપૂર્વક ને આ પ્રશ્નનો ઉકેલ શોધવો. પછી અને એને ખાતર પીઢ બ્રહ્મચારી બહેનોના હાથમાં ભાઈઓનું સુકાન અને એવા ને પીઢ બ્રહ્મચારી ભાઈઓના હાથમાં બહેનોનું સુકાન સોંપવાનું મુખ્યપણે રાખી એવી નિયત નીચે મર્યાદિત સંયમ રાખી ભાઈબહેનો અરસપરસ કાર્ય કરે એવી છૂટ આપવી મધ્યસ્થ માર્ગ તરીકે ઠીક લેખાશે. હવે બ્રહ્મચારી ભાઈબહેનો તથા બ્રહ્મચર્યવ્રતી કુમારીઓનો વિચાર કરીએ.

કાયિક બ્રહ્મચર્ય પાળનારાએ સૌથી પ્રથમ જનનેંદ્રિયનો કાબૂ મેળવ્યા પછી તુરત જ કામવિકાર પર કાબૂ મેળવવો જોઈએ. [કારણ કે કેવળ કાયિક બ્રહ્મચર્ય પાળવું એ બ્રહ્મચર્યની પૂર્ણ સાધના ન ગણાય] કામવિકાર પર જેટલો કાબૂ આવતો જાય તેટલે જ અંશે બ્રહ્મચર્યની સાધના બનાવી જોઈએ. દૃષ્ટિ, બ્રહ્મચર્ય સ્વાદેંદ્રિય પર કાબૂ અને વિચારશુદ્ધિનો લાભ એ કામ રોકવાનાં સાધનો છે. કામવિકાર રોકવા માટે તો સતત જાગૃતિ કેળવી પડે. કામવાસનાઓ કે કોઈ પણ ક્રિયા કરતાં તેણે પોતાની શક્તિ ખીલવવા રહેવું જોઈએ. અને તે વિચારોને બાધક થઈ પડે તેવાં સ્થળો, સાહિત્ય કે સંગ છોડીને બ્રહ્મચર્યના સાત્વિક વિચારોને પોષે તેવાં વાચન, મનન અને સત્સંગ કરતાં રહેવું જોઈએ.

ગૃહસ્થાશ્રમી મનુષ્ય ધીમેધીમે આ માર્ગમાં સફળ બને તેમ એ ખાતર પ્રથમ પરસ્ત્રીગમન પર શાસ્ત્રકારોએ ભાર આપ્યો છે, અને સ્વસ્ત્રીમાં પણ મર્યાદિત બ્રહ્મચર્ય પાળવાની પ્રેરણા આપી છે. દૃષ્ટિવિકારને રોક્યા સિવાય મનુષ્ય માત્ર કાયાથી પરસ્ત્રીમાં બ્રહ્મચર્ય પાળી શકે ખરો. પરંતુ સ્વસ્ત્રીપરત્વે મર્યાદિત બ્રહ્મચર્ય પાળવું એ કઠણ થઈ પડે. તે ખાતર ગૃહસ્થાશ્રમીએ પણ કામજન્ય ભોગના આ પ્રકારના નિયમો પ્રત્યે બેદરકાર રહેવાનું નથી.

આવા મર્યાદિત ગૃહસ્થાશ્રમીની પ્રજા સુંદર અને સૌમ્ય બનશે. અને પ્રજાના કામ પછી તેવા ગૃહસ્થ અવશ્ય બ્રહ્મચારી બની રહેશે. વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રી છતાં વર્તમાનને પણ બ્રહ્મચર્ય પાળવાનું રહેશે. અને બ્રહ્મચર્ય વિના નિર્ગ્રંથ થયેલાની આત્મા વિકાસને પણ નથી તે અશક્ય છે એટલે સર્વ સ્થળે બ્રહ્મચર્યની મહત્તા છે એટલું જ નહિ અગત્ય ઉપયોગિતા પણ છે (બ્રહ્મચર્યના કારણોમાંનું વિશિષ્ટ વર્ણન અગાઉનાં પ્રકરણોમાં આવી ગયું છે)

બ્રહ્મચર્ય ધર્મના ઉપર જણાવેલા પાંચ અંગો (વ્રતો)ની પુષ્ટિ માટે શાસ્ત્રકાર અને ચાર વિચારતો યોજેલાં છે તે પૈકીના

ઉપદેશોનો સાર અહિંસા અને સંયમના પ્રકરણમાં આવી ગયો છે, અને જે બે ખાસ આવશ્યક તત્ત્વો બાકી રહ્યાં છે તે હવે વિચારીશું.

ચિંતન

વિચારશક્તિની સુંદર ખીલવણીને ચિંતન કહેવામાં આવે છે. આ ચિંતનશક્તિની મનુષ્યને જીવનવિકાસમાં પગલે પગલે આવશ્યકતા છે. જ્યાં મનુષ્યજાતિનો મોટો વર્ગ પોતાનું માનસ હોવા છતાં આ શક્તિથી વંચિત રહે છે. આ બાબત બધાં દુઃખોનું કારણ છે એમ કહીએ તો તે અતિશયોક્તિ નથી. સારાસારના વિચારના અભાવે મનુષ્ય ભમે અને ભમીને ભૂલી જાય છે. તેની વિવેકશક્તિ બુઠ્ઠી બની જાય છે, અને આ રીતે તેની મનુષ્યજીવનની યાત્રા નિષ્ફળ નીવડે છે.

ચિંતન એટલે શું ?

કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં અને પછી તત્સંબંધી ખૂબ વિચાર આવે અને તેમાં આવેગ, રૂઢિ કે બીજા [illegible] ન ભળેલા હોય અને વિવેકશક્તિદ્વારા તેનો સ્પષ્ટ નિર્ણય નીકળે તેનું જ નામ ચિંતન.

આવું ચિંતન કરવાની મનુષ્યે હંમેશા ટેવ પાડવી જોઈએ. અને એ ચિંતનના પરિણામે જે ભાવના સ્ફુરે તેને ઉપાસિત અને વ્યવસ્થિત કરી જીવનમાં કામ કરવાથી મનુષ્યના જીવનની પાંખ પણ ઉગતી થઈ જાય છે, અને જે નિરર્થક પ્રવૃત્તિની પાછળ આજે તેમના સમય અને શક્તિ વેડફાઈ રહ્યાં છે તેમાંથી તે ધીમેધીમે બચતો જાય છે.

અધ્યયન એ ચિન્તનનું પ્રેરણાજનક કારણ છે. પણ તે વાચન ભારરૂપે ઉત્તેજના કરે તેવી રીતે ન પરિણમે તેનું લક્ષ રાખવું પડે. એટલે વસ્તુની પાછળ સ્થિરબુદ્ધિથી વિચાર કરવો અને તેનું ફળ સ્પષ્ટપણે તારવવું તે ચિન્તનશક્તિનું કાર્ય. આનો લાભ જેઓ અને જેઓ લે તે તો સ્વાનુભવથી જ જાણી શકાય. જીવન માટે અન્ન,

જળ અને વાયુની જેટલી આવશ્યકતા છે તેટલી જ આત્માના આત્મવિકાસ માટે ચિન્તનની છે એટલે ફુરસદ નથી એમ માની તે તરફ કોઈ બેદરકાર ન રહે.

ચિંતા

ચિન્તાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ બળ જ્ઞાન
ચિન્તા બડી અભાગણી, ચિન્તા ચિતા સમાન.

આ વાત તો સૌ કોઈ જાણે છે છતાંય મનુષ્યજાતના આયુષ્યને પગલેપગલે તેનાં દર્શન થયાં જ કરે છે. ચિન્તા એ એક એવો વ્યાધિ છે કે જે વિશ્વમાં મહાન ભાગ ભજવે છે.

ચિન્તાની ઉત્પત્તિ પ્રાયઃ શક્તિ ઉપરાંતના વ્યાપાર અને આર્થિક બોજાથી થાય છે અને જેમજેમ તે બોજો વધતો જાય છે તેમતેમ ચિન્તાનું વિરાટ રૂપ ફેલાય છે. નિર્બળ મનના માણસો પર જ ચિન્તાની સવારી બહુ પ્રભાવપૂર્ણ થાય છે.

ચિન્તાની નિવૃત્તિનો ઉપાય એ છે કે મનુષ્યે બહુ બહુ લાંબા ભવિષ્યના વિચારો ન કરતાં વર્તમાન શક્તિ જોઈને કે આવી પડેલી આપત્તિ તો ટૂંક સમયમાં આવી પડનારી પરિસ્થિતિનો જ માત્ર વિચાર કરવો જોઈએ. પુરુષાર્થ કર્યા સાચી રીતે વર્તન આચરવા છતાં આકસ્મિક કોઈ વિપત્તિ આવી પડે તો તેને પ્રારબ્ધજન્ય માની લઈ બીજા પુરુષાર્થને મુખ્ય બનાવવા માટે ઉત્સાહિત બનવું જોઈએ. પ્રેમનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, રોગ કે તેવી પરિસ્થિતિમાં પણ નિરાશ અને નિરુત્સાહ ન થતાં આત્મશક્તિ ઉપર વિશ્વાસ રાખી પ્રયત્નશીલ બની રહેવું જોઈએ. આમ કરવાથી ચિન્તાની અસર તન પર થશે નહિ અને થશે તો પણ લાંબો સમય રહેશે નહિ.

જે મનુષ્યને માનસિક શક્તિ અને આત્મિક શક્તિ પર વિશ્વાસ છે તે મનુષ્યને રોગ, ચિન્તા, આલસ્ય, વ્યાધિ વગેરે શત્રુઓ પરાસ્ત કરી શકતા નહિ. એટલે ચિત્તશક્તિથી આ શક્તિઓના વિકાસ માટે

આ પ્રકારનો યત્ન કરવો એ સ્વરૂપ જાણવાની દૃષ્ટિએ પણ વધુ સલામતીભર્યો માર્ગ છે

વિકાસની સીડી

ધર્મનાં એ પાંચ અંગોના પાલનથી આધ્યાત્મિક વિકાસ શી રીતે થાય છે તેવો પ્રશ્ન થવો સ્વાભાવિક હોવાથી વિકાસ સંબંધી જિજ્ઞાસા કરી લેવી અહીં ઉપયોગી થશે.

જૈન પરિભાષા પ્રમાણે કર્મથી અને વેદપરિભાષા પ્રમાણે માયાથી જે ચૈતન્ય વિકૃત થયું છે અને સુખ અને આનંદ એ એનો નિજ સ્વભાવ હોવા છતાં દુઃખ અને ખેદનો સહજ સહજ પ્રસંગોમાં તેને અનુભવ થાય છે, તેના કારણભૂત જૈનદર્શનમાં ચાર કષાયો અને વેદધર્મમાં કામાદિ ષડ્રિપુઓ ગણવામાં આવે છે એ રિપુઓ જ સુખ શાંતિના પ્રતિબંધક અને દુઃખ અને ખેદજનક છે

આ પરથી સ્પષ્ટ સમજાશે કે તેઓ પોતે જ આત્મવિકાસના રોધક છે વિકાસનાં રોધક કારણો નીકળી જતાં પછી વિકાસ થવો એ સરળ છે એટલું જ નહિ બલ્કે સ્વાભાવિક છે આથી તે રોધક કારણોને હઠાવવાથી વિકાસ થાય છે એમ આપણે માની લઈએ, અને તેમ માનવામાં ઘણાં સબળ કારણો આપણી સામે અને અનુભવમાં પણ છે

એક મનુષ્ય ઝૂંપડામાં પણ મહેલ જેવું સુખ અનુભવે છે ઉત્કર્ષમાં પણ નિર્મમત્વ જાળવે છે શૂળ ભોંકાવામાં પણ સ્પર્શ જુએ છે વૈભવના ત્યાગમાં પણ આનંદ લૂંટે છે આનું કારણ કોઈ ચમત્કાર નથી, પરંતુ આધ્યાત્મિક વિકાસ એ જ તેનું મુખ્ય કારણ છે

આ આધ્યાત્મિક વિકાસ એ ષડ્રિપુઓનું જેટલા પ્રમાણમાં વધુ ઓછાપણું તેટલા પ્રમાણમાં વધુ હોઈ શકે. અને તે ષડ્રિપુઓનું ઓછાપણું હોવું અહિંસાદિ પાંચ સાધનો દ્વારા થઈ શકે

છે. માટે જ તે અંગોને સામાન્યોએ ધર્મનું સ્વરૂપ આપ્યું. અને ધર્મના અંગોને ભિન્નભિન્ન લોકમાનસને લઈ ભિન્નભિન્ન પ્રકાર ધર્મોપદેશકોએ ક્રિયાત્મક સ્વરૂપ આપ્યું. આ ક્રિયા માટે આપેલાં ભિન્ન એ જેના સાંપ્રદાયિક વિધિ છે. ધર્મનાં અંગો નથી. પણ બધાં ધર્મ સંસ્થાપકોનું ધ્યેય તો ઉપર કહી ગયા તે પ્રમાણે આત્મવિકાસનું છે અને આત્મવિકાસની અંતિમ સ્થિતિ એ જ મોક્ષ, મુક્તિ કે નિર્વા સ્થિતિ છે.

આટલું સમજી સાંપ્રદાયિક માન્યતાઓને છોડી ધર્મના મુખ્ય અં પર લક્ષ રાખી આધ્યાત્મિક વિકાસ સાધવાનો પ્રયત્ન કરવો, એ સૌને માટે ઉપયુક્ત અને અભીષ્ટ છે.

એ માર્ગમાં જ્ઞાનપૂર્વક આગળ વધતાં ગૃહસ્થાશ્રમમાં પ નિરાસક્તિ (નિષ્કામની ભાવના) યોગની સાધના સહજ થતી જા તો એ ગૃહસ્થ પોતાના આધ્યાત્મિક વિકાસમાં ક્રમપૂર્વક આગળ વધતો જાય. આ આખી પ્રવૃત્તિને કર્મયોગ અથવા કર્મમાર્ગ તરી ઓળખાવી શકાય.

વિકાસમાર્ગમાં કર્મમાર્ગ સિવાયના ભક્તિમાર્ગ અને યોગમાર્ગ એ નામના બીજા પણ બે માર્ગો છે. પરંતુ ગૃહસ્થાશ્રમી ઉપર કામનું અને વ્યવસાયો તે માર્ગની એકાંત અને સંપૂર્ણ સાધના થ સહજ થાય નથી. એવા ગૃહસ્થોને માટે આટલું જ ઠીક !

॥ ૐ શાંતિ ॥